પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૭૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૮-૦૩-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 174 PRICE :-RS. 1.50 DATE : 18-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના સંકટ વધતા વડાપ્રધાને તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી

## ગામડામાં કોરોના ફેલાયો તો રોકવો મુશ્કેલ બનશેઃ મોદી

ન્યુ દિલ્હી,

દેશનાં અનેક રાજ્યોમાં કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બુધવારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી હતી. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા થયેલી બેઠકમાં પીએમ મોદીએ મુખ્યમંત્રીઓને મહત્વનો સંદેશ આપ્યો હતો. પીએમ મોદી કહ્યું હતું કે, નાના શહેરોમાં કોરોના વાયરસના સંક્રમણને રોકવું જરૂરી છે. આથી નાના શહેરોમાં ટેસ્ટિંગ વધારવું પડશે. કોરોનાની રસીના બગાડને લઈને પણ પીએમ મોદીએ કેટકાલ રાજ્યોને ઠપકો આપ્યો હતો. પીએમ મોદીએ લોકોને ચિંતિત ના



થવાની પણ અપીલ કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશમાં કોરોના સંક્રમણની સ્થિતિ અને રસીકરણ અભિયાનની સમીક્ષા કરતા કહ્યું હતું કે, લોકો માટે મુશ્કેલીઓ ઉભી નથી કરવી પરંતુ કોરોનાની વેવને અહીં નહીં રોકીએ તો ચિંતા વધી જશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજ્યના મુખ્યમંત્રીઓની બેઠક યોજી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, દુનિયામાં અનેક કોરોના પ્રભાવિત દેશ એવા છે, જ્યાં કોરોનાની અનેક લહેર સામે આવી છે. આપણે ત્યાં પણ કેટલાક રાજ્યોમાં અચાનકથી કેસ વધવા લાગ્યા છે. મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં પોઝિટિવ કેસ વધ્યા છે. જો કોરોનાની આ વેવને અહીં જ રોકવામાં નહીં આવે તો દેશવ્યાપી અસર જોવા મળી શકે છે. ઁસ્મોદીએ વધુમાં ઉમેર્યું હતું કે, નાના શહેરોમાં ટેસ્ટિંગ વધારવામાં આવશે. જો કોરોના વાયરસગ ગામડાઓમાં ફેલાઈ જશે તો તેને રોકવો મુશ્કેલ બની જશે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, કોરોનાના વેક્સીનેશનની ઝડપ વધારવામાં આવી જોઈએ. તેલંગાના-આંધ્ર પ્રદેશ-ઉત્તર પ્રદેશમાં વેક્સીન વેસ્ટના આંકડા ૧૦ ટકા સુધી પહોંચ્યા છે. આમ બિલકુલ થવું ન જોઈએ. દેશમાં આપણે લોકો સરેરાશ ૩૦ લાખ વેક્સીન ડોઝ આપી રહ્યા છે. વેક્સીનના બગાડને રોકવો પડશે.

PM મોદીએ આ ઉપરાંત કહ્યું હતુ કે, ટેસ્ટ-ટ્રેક અને ટ્રીટને ફરીથી ગંભીરતાથી લેવા જોઈએ. ટેસ્ટિંગની સંખ્યાને વધારવી પડશે. ઈઁઝઈ ટેસ્ટની સંખ્યા ૭૦ ટકાથી ઉપર લાવવી જોઈએ. કેરળ-ઉત્તર પ્રદેશ-છત્તીસગઢમાં હજી પણ રેપિડ ટેસ્ટિંગ જ કરવામાં આવે છે, જે ચિંતાનો વિષય છે.

તેમણે ઉમેર્યું હતું કે, હાલ કોરોના પર કાબૂ મેળવવો અત્યંત આવશ્યક છે, નહીંતર સ્થિતિ વણસી શકે તેવી સંભાવનાઓ રહી છે. દેશમાં કોવિડ વેક્સિનેશન સફળતા પૂર્વક ચાલી રહ્યું છે. અત્યારે ભારતમાં કોરોના મહામારીના કારણે મૃત્યુંદર ઘણો ઓછો છે. પરંતુ સ્થિતિની ગંભીરતાને સમજીને કેસોને રોકવા માટે અત્યારથી જ પગલા લેવાની શરૂઆત કરી દેવાનું સૂચન તેમણે કર્યું હતું.

પીએમ મોદીએ કહ્યું હતુ કે, જો આપણે મહામારીને નહીં રોકી શકીએ તો તે એક રાષ્ટ્રીય પ્રકોપ જેવી સ્થિતિ પેદા કરી શકે છે. આપણે જેમ બને તેમ જલદી કોરોના વાયરસની બીજી લહેરને રોકવી જોઈએ. આ માટે આપણે ઝડપથી નિર્ણાયક પગલાં લેવાની જરૂર છે. તેમણે વધુમાં કહ્યું કે કોરોના વિરુદ્ધ દેશની લડતને એક વર્ષથી વધુ થઈ રહ્યું છે. ભારતના લોકોએ કોરોનાનો જે પ્રકારે સામનો કરી રહ્યા છે, તેને લોકો ઉદાહરણ તરીકે જોવામાં આવી રહ્યું છે. આજે દેશમાં ૯૫ ટકાથી વધુ કેસ રિકવર થઈ ચૂક્યા છે. મૃત્યુદરમાં પણ ભારત સૌથી ઓછા દરવાળા દેશોમાં છે.

પીએમ મોદી સાથેની આ બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને છત્તીસગઢના ઝસ ભૂપેશ બધેલ આમાં સામેલ થયા નહોતા. પશ્ચિમ બંગાળ સરકાર તરફથી ચીફ સેક્રેટરી ઉપસ્થિત રહ્યાં હતાં. તો છત્તીસગઢ તરફથી રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી ટીએસ સિંહ દેવ ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાજ્યમાં પ્રથમ વખત BS-6 કેટેગરીની બસો દોડશે

ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્રને સાકાર કરવા માટે એસટી નિગમ દ્વારા પણ મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. એસટી વિભાગ દ્વારા દેશના સૌથી મોટા વર્કશોપ પર રોજની આઠ બસો ઈન હાઉસ જ તૈયાર થાય છે. ગુજરાતમાં પ્રથમ વખત બીએસ ૬ કેટેગરીની બસ દોડાવવાનો નિર્ણય કરાયો છે. જેમાં સરકારી બસોમાં પહેલી વખત વિવિધ પ્રકારની કેટેગરીમાં બસો દોડાવવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત રોજની ૮ બસો તૈયાર કરવાનો ટાર્ગેટ અપાયો છે. બસમાં ૫૨ પ્લસ ૨ એટલે ૫૪ લોકો સવારી કરી શકશે.



મુસાફરોની સલામતી માટે એઆઈઓ બસ બોડીનો ઉપયોગ થયો છે. ઈન હાઉસ બસ બનાવવામાં ૬૯૫ કારીગરોને રોજી મળે છે. એક બસને તૈયાર કરવા પાછળ ૨૩થી ૨૪ લાખનો ખર્ચ થાય છે.

દેશનું સૌથી મોટું એસટી નિગમનું વર્કશોપમાં ઈન હાઉસ બસ તૈયાર કરવામાં આવે છે. કોરોનાની મહામારીના કારણે એક વર્ષ જેટલો સમય વર્કશોપ બંધ રખાયુ હતું. ત્યારબાદ પરિસ્થિતિ સામાન્ય થઈ અને સરકારની મંજૂરી બાદ નિગમ દ્વારા જ ઈન હાઉસ બસ બનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. એસટી નિગમને બસની બોડી પણ પ્રવાસીઓની સલામતીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે.

આ બસની વિશેષતા એ છે કે બીએસ ૬ કેટેગરીના આ બસ તૈયાર થઈ રહી છે. સરકારી બસ બીએસ ૬ હોય તેવી પહેલી બસ એસટી નિગમમાં તૈયાર થઈ રહી છે. જોકે નવા વાહનો રોડ પર આવી રહ્યા છે તે બીએસ ૬ છે. પરંતુ સરકારી બસમાં પહેલી બીએસ ૬ બસ ગુજરાતમાં દોડશે.

જૂન મહિનાના અંત સુધીમાં ૧૦૦૦ બસ તૈયાર કરવાનો ટાર્ગેટ પણ નિગમને આપવામાં આવ્યો છે. અહીં ઈન હાઉસમાં રોજની ૮ બસ તૈયાર કરવામાં આવે છે. જેને કારણે અનેક મજુરોને રોજી પણ મળી રહે છે. જેને કારણે વડાપ્રધાનના સ્વપ્રને સાકાર કરવા એસટી મજૂરોને રોજી મળી શકે તે ધ્યાનમાં રાખી ઈન હાઉસ બસ બનાવી રહી છે.

### છેલ્લા બે વર્ષમાં જમીન વિકાસ નિગમના
## ૧ ૨ કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ થઈ

ગાંધીનગર,

સરકારી કર્મચારીઓને હોદ્દાને અનુસાર મળતા પગાર તથા ભથ્થા ની રકમ મળતી હોય છે. છતાય પૈસાની લાલચ અને લોભ રોકી શકતા નથી અને વધુ પૈસા કમાવવાની લાલચમાં ભ્રષ્ટાચાર કરતા પણ અચકાતા નથી. છેલ્લા કેટલાક સમયથી એન્ટી કરપ્શન બ્યુરોએ આવા લાંચિયા અધિકારીઓ વિરુદ્ધ લાલ આંખ કરી છે. સરકારના બધાજ વિભાગોમાં જો સૌથી વધુ કરપ્ટ વિભાગ તરીકે જાણીતું છે ગુજરાત જમીન વિકાસ નિગમ. આ વિભાગમાં મોટા પ્રમાણમાં લંચ અને ભ્રસ્તાચારના કેસ નોધાયા છે.

હાલમાં ચાલી રહેલા વિધાનસભાના સત્રમાં ગૃહમાં આ ગુજરાત જમીન વિકાસ નિગમના કર્મચારીઓ ચાલી રહેલા કેસની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં બહુજ ચોકાવનારી વિગતો સામે આવી છે. ગુજરાત જમીન વિકાસ નિગમના કર્મચારીઓ વિરુદ્ધ કેસ ની વિગતોમાં ઘણા બધા કૌભાંડો થયા છે. જેમાં છેલ્લા ૨ વર્ષમાં ૧ ૨ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

એન્ટી કરપ્શન બ્યુરોએ છેલ્લા બે વર્ષમાં ૧ ૨ કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. તો ૫ કર્મચારીઓની ધરપકડ કરી છે. ૩ આરોપીઓ વિરુદ્ધ તાપસ શરૂ કરી છે. ૨ આરોપીઓની ધરપકડ બાબતે હાઈકોર્ટએ સ્ટે ઓર્ડર આપ્યો છે.

અંતે ગુજરાત જમીન વિકાસ નિગમમાં મોટું કૌભાંડ થતા સરકારે નિગમ બંધ કરવાની ફરજ પડી છે.

### જૂની ચલણી નોટો અંગે સરકારે વિધાનસભામાં ખુલાસો કર્યો

ગાંધીનગર,

નોટબંધીને ચાર વર્ષ કરતા વધુ સમય થઈ ચુક્યો છે. છતાય અવાર નવાર બજારમાંથી જૂની ચલણી નોટો ઝડપાતી રહે છે. આજ રોજ વિધાનસભા ગૃહમાં પણ ચલણી નોટ નો મુદ્દો ઉછળ્યો હતો. જેમાં છેલ્લા બે વર્ષમાં ક્યાંથી કેટલી નોટો મળી આવી તે અંગે ચર્ચા થઈ હતી. વિધાનસભા ગૃહમાં દર્શાવવામાં આવેલી વિગતો અનુસાર છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને રાજકોટ શહેરમાં ૫૦૦ અને ૧૦૦૦ ની જૂની નોટો મળી આવી છે. છેલ્લા ૨ વર્ષમાં અમદાવાદ શહેરમાં ૫૦૦ ના દરની ૨૪૦૦, ૧૦૦૦ દરની ૪૩ ચલની નોટો પકડાઈ છે. જયારે રાજકોટ શહેરમાં ૫૦૦ ના દરની ૭૩૧૭ નોટ, ૧૦૦૦ દરની ૩૮ નોટો અને રાજકોટ ગ્રામીણમાં ૫૦૦ના દરની ૩૬ નોટો અને ૧૦૦૦ ના દરની ૫ નોટો ઝડપી પાડવામાં આવી છે. અમદાવાદમાં એક પણ આરોપીઓ ઝડપાયા નથી, રાજકોટમાં શહેર અને ગ્રામિણમાં ૬ આરોપીઓ પકડાયા છે. ઉલ્લેખનીય છે કે, મોદી સરકારે ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ નોટબંધી લાગુ કરી હતી. આ નોટબંધીમાં ૫૦૦ અને ૧૦૦૦ રૂ.ની જૂની નોટો પરત ખેંચી લેવામાં આવી હતી અને નવી ચલણી નોટો રૂપિયા ૨૦૦૦ અને ૫૦૦ ના દરની જાહેર કરવામાં આવી હતી.

## ત્રણ કરોડ રેશન કાર્ડ રદ્દ થવા મામલે સુપ્રિમ લાલઘૂમઃ તમામ રાજ્યો પાસે જવાબ માંગ્યો

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે આધાર કાર્ડ સાથે જોડાયેલા ના હોવાના કારણે લગભગ ત્રણ કરોડ રેશન કાર્ડ રદ્દ કરવાને લઈને બુધવારના 'અત્યંત ગંભીર' મુદ્દો ગણાવ્યો અને આ મામલે કેન્દ્ર સરકાર તેમજ તમામ રાજ્યો પાસેથી જવાબ માંગ્યો છે. ચીફ જસ્ટિસ એસ.એ. બોબડે અને જસ્ટિસ એ.સી. બોપન્ના તેમજ જસ્ટિસ વી. રામસુબ્રમણ્યનની બેંચે કહ્યું કે, આને વિરોધાત્મક મુદ્દાની રીતે ના જોવું જોઈએ, કેમકે આ ઘણો ગંભીર મામલો છે. બેંચે કહ્યું કે, આ મુદ્દે અંતિમ સુનાવણી થશે.



બેંચે કહ્યું કે, "અમે તમારી પાસે (કેન્દ્રથી) આધાર કાર્ડ મુદ્દાના કારણે જવાબ માંગી રહ્યા છીએ. અમે છેલ્લે આના પર સુનાવણી કરીશું. નોટિસ જાહેર કરવામાં આવે, જેના પર ૪ અઠવાડિયામાં જવાબ આપવામાં આવે." લેખીએ કહ્યું કે આ મામલે નોટિસ પહેલા જ જાહેર કરી દેવામાં આવી છે અને કેન્દ્રનો જવાબ રેકોર્ડમાં છે. ગોંજાલ્વિસે કહ્યું કે, નોટિસ મુખ્ય અરજી પર નહીં, પરંતુ વૈકલ્પિક ફરિયાદ નિવારણ પર જાહેર કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે, "મુખ્ય મુદ્દો ત્રણ કરોડ રેશન કાર્ડ રદ્દ કરવા અને ભૂખથી મોત થવાનો છે." સુપ્રીમ કોર્ટે ૯ ડિસેમ્બર ૨૦૧૯માં માન્ય આધાર કાર્ડ ના હોવા પર રેશનથી વંચિત કરવાના કારણે લોકોના મોતના આરોપને લઈને તમામ રાજ્યો પાસે જવાબ માંગ્યો છે. આ અરજી દેવીએ દાખલ કરી છે, ઝારખંડમાં જેની ૧૧ વર્ષની દીકરી સંતોષીનું ભૂખ્યા રહેવાના કારણે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૮ના મોત થઈ ગયું હતુ. સંતોષીની બહેન ગુડિયા દેવી આ કેસમાં સંયુક્ત યાચિકાકર્તા છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે સ્થાનિક અધિકારીઓએ તેમનું રેશન કાર્ડ આધાર કાર્ડથી જોડાયેલું ના હોવાના કારણે રદ્દ કરી દીધું હતુ.

આ કારણે તેમના પરિવારને માર્ચ ૨૦૦૭થી રેશન મળવાનું બંધ થઈ ગયું અને આખો પરિવાર ભૂખ્યા રહેવા પર મજબૂર થયો. તેમની દીકરી સંતોષીનું ભોજન ના મળવાના કારણે મોત થઈ ગયું. સુનાવણીની શરૂઆતમાં અરજીકર્તા કોયલી દેવી તરફથી હાજર થયેલા વરિષ્ઠ વકીલ કોલિન ગોંજાલ્વિસે કહ્યું કે, અરજી એક મોટા મુદ્દાને ઉઠાવે છે. સીજેઆઈએ કહ્યું કે, "મુંબઈ હાઈકોર્ટમાં પણ મારી સામે આવા પ્રકારનો કેસ આવ્યો હતો. મને લાગે છે કે આ કેસ સંબંધિત કોર્ટમાં દાખલ કરવો જોઈતો હતો." બેંચે વકીલથી કહ્યું કે, તેમણે કેસનો વ્યાપ વધારી દીધો છે.

### રાહુલ ગાંધીએ મોદીની તુલના સદ્દામ હુસૈન-ગદ્દાફી સાથે કરી

ન્યુ દિલ્હી,

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી કેન્દ્ર સરકાર, ભાજપ અને આરએસએસ સામે પ્રહારો કરતી વખતે ભારે આકરા બની જાય છે. ત્યારે હવે તેમણે કેન્દ્ર સરકારની સાથે-સાથે ભારતીય લોકશાહીને લઈને પણ એવું નિવેદન આપી દીધું છે જેથી ભારે વિવાદ સર્જાઈ શકે છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તુલના સદ્દામ હુસૈન અને ગદ્દાફી સાથે કરી દીધી હતી અને ભારતને ઈરાક-લીબિયા ગણાવી દીધું હતું.



એક ઈન્ટરવ્યુ દરમિયાન રાહુલ ગાંધીએ જે કહ્યું તેનો અર્થ એવો થાય કે, ઈરાકમાં સદ્દામ હુસૈન અને લીબિયામાં ગદ્દાફી પણ ચૂંટણી કરાવતા હતા, તેનો મતલબ એવો તો નથી થતો ને કે ત્યાં લોકશાહી હતી. રાહુલે કહ્યું હતું કે, "ચૂંટણી ફક્ત એ નથી કે લોકો ગયા અને વોટિંગ મશીનનું બટન દબાવી દીધું. કઈ કથા વણવામાં આવી રહી છે, દેશના શાસન-પ્રશાસનના તમામ તંત્ર સરખું કામ કરે છે કે નહીં, ન્યાયપાલિકા નિષ્પક્ષ છે કે નહીં અને સંસદમાં કયા મુદ્દે વિવાદ થઈ રહ્યો છે, ચૂંટણીનો સંબંધ આ બધાથી હોય છે." રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, "સદ્દામ હુસૈન અને ગદ્દાફી પણ ચૂંટણી કરાવતા હતા. તે સમયે લોકો મત તો આપતા હતા પરંતુ હકીકતમાં પોતાનો મત નહોતા આપતા કારણ કે, તેમના હિતોનું સંરક્ષણ સુનિશ્ચિત કરનારી કોઈ સંસ્થા ત્યાં કામ નહોતી કરતી. મને લાગે છે કે ભારતે શોધવું જોઈએ કે ક્યાંક તે આ સીમા રેખા કરતા પણ ઘણું નીચે નથી જતું રહ્યું ને?


ગુજરાત રાજ્ય
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ટૂંકી મુદ્દતની ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં.૨૮ સને ૨૦૨૦-૨૧

ગુજરાત રાજ્ય રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, મહીસાગર, પીન કોડ નં.૩૮૯૨૫૦ ફોન નં.૦૨૬૭૫-૨૩૭૬૭૪ દ્વારા રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરો પાસેથી વર્ષ ૨૧-૨૨ માટે તાત્કાલિક ધોરણે કરવાના થતા કામો માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | ૧. ઈજારદારશ્રીની શ્રીણી<br>૨. બાનાની રકમ<br>૩. ટેન્ડરની ફી |
|---|---|---|
| ૧ | યુનિટ રેઈટ ફોર વેરીયર્સ આઈટમ ઓફ વર્ક ફોર નહેર રીપેરીંગ/મેઈન્ટેનન્સ ચેકડેમ રીપેરીંગ ફોર વેરીયર્સ સ્કીમ ઓફ કડાણા પ્રોજેક્ટ સુજલામ સુફલામ તેમજ ભાદર ઈરીગેશન સ્કીમ. | ૧. ઈ.૧ અને ઉપરના<br>૨. ૧,૦૦,૦૦૦ એફ.ડી.આર.<br>૩. ૯૦૦/- ડી.ડી. |

પ્રસ્તુત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ : htps//nwr.nprocure.com or www.statetender.com ઉપર તા.૨૦/૦૩/૨૦૨૧ થી ૩૦/૦૩/૨૦૨૧ ના રોજ બપોરના ૧૮:૦૦ કલાક સુધી ઉપલબ્ધ થશે.

પ્રસ્તુત કામના ઓન લાઈન ટેન્ડરો તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની, તા.કડાણા, જી.મહીસાગરની કચેરીમાં ઓનલાઈન ટેન્ડર ખોલવામાં આવશે.

ટેન્ડર ફી ના ડી.ડી. અને બાનાની રકમની એફ.ડી.આર/બાના મુક્તિ પ્રમાણપત્ર, પાનકાર્ડ, ઈજારદારશ્રીનું નોંધણી પ્રમાણપત્ર, બેંક સોલવંશી સર્ટીફીકેટ નેશનલાઈઝડ શીડ્યુઅલ બેન્ક કેલેન્ડર વર્ષની સ્કેન કરીને ટેન્ડર સાથે મુકવાના રહેશે. ઉપર મુજબના દસ્તાવેજો સ્કેન કરીને રજુ કરવામાં નહી આવે તેવા ટેન્ડરો નોન રીસ્પોન્સીવ ગણવામાં આવશે. ટેન્ડર ફી તેમજ બાનાની રકમ નિયત સમયમાં ઈજારદારશ્રી દ્વારા ભરી સાદર કરવામાં નહી આવે તો ઈજારદારશ્રીની નોંધણી એક વર્ષ માટે એબીયન્સમાં રાખવાની કાર્યવાહી કરવામાં આવશે તથા ઈ-ટેન્ડરનો કોડ એક વર્ષ માટે રદ કરાશે. ઉપરોક્ત કામના ડી.ડી., ટેન્ડર ફી, ઈ.એમ.ડી અને અન્ય દસ્તાવેજો ઈજારદારશ્રી રજીસ્ટર્ડ પોસ્ટ એડી સ્પીડ પોસ્ટ થી કાર્યપાલક ઈજનેરશ્રી, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોનીની કચેરીએ કામના નામ સહિત સીલ બંધ કવરમાં તા.૩૧/૦૩/૨૦૨૧ થી ૦૭/૦૪/૨૦૨૧ ૧૬:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

નોંધ :- (૧) સરકારશ્રીના નિયમોનુસાર જીએસટી બંધનકર્તા રહેશે.
(૨) રજીસ્ટ્રેશન રીન્યુ અંગેના પૈસા ભર્યાની પહોંચ માન્ય ગણવામાં આવશે નથી.

કાર્યપાલક ઈજનેર
કડાણા વિભાગ નં.૧
દિવડા કોલોની

માહિતી/ગોધરા/૮૬૯/૨૦૨૧



ગોધરા નગરપાલિકાના પ્રમુખ તરીકે વરણી થતાં સૌનો હૃદય પૂર્વક આભાર....



સંજયભાઈ સોની
પ્રમુખ, નગરપાલિકા ગોધરા


## અમદાવાદમાં કોરોનાએ રફતાર પકડીઃ આજથી તમામ બાગ-બગીચા બંધ

અમદાવાદ,

ગુજરાતમાં કોરોનાની ત્રીજી લહેરમાં કેસોનો રાફડો ફાટ્યો છે. કેસનો આંકડો વધી રહ્યો છે, ત્યાં હોસ્પિટલમાં બેડ પણ હાઉસફુલ થઈ રહ્યાં છે. આવામાં અમદાવાદ શહેરમાં કોવિડ-૧૯ મહામારીને પહોંચી વળવા શહેરના તમામ બાગ-બગીચાઓ બંધ કરવાનો આદેશ અપાયો છે. કાંકરીયા લેકફ્રન્ટ, પ્રાણી સંગ્રહાલય વગેરે આવતીકાલ તારીખ ૧૮ માર્ચથી આગામી આદેશ સુધી સંપૂર્ણ બંધ રાખવા નિર્ણય લેવાયો છે.

અમદાવાદમાં વધી રહેલા કોરોના કેસ મામલે વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. આવતીકાલ ૧૮ માર્ચથી શહેરના તમામ પાર્ક અને ગાર્ડનના દરવાજા ફરીથી સ્થાનિકો માટે બંધ કરવામાં આવનાર છે. તો સાથે જ કાંકરિયા લેક ફ્રન્ટ અને ઝુ પણ બંધ રહેશે. અન્ય હુકમ ન થાય ત્યાં સુધી બંધ રાખવાના એએમસી દ્વારા આદેશ અપાયા છે. ઉલ્લેખનીય છે કે, રાજનેતાઓની ચૂંટણીની રેલીઓ અને સભાઓ પુરી થતાની સાથે જ, ફરી એકવખત કોરોનાના વાયરસ સક્રિય થઈ ગયા છે. ગુજરાતના મહાનગરોમાં સ્થિતિ બગડી રહી છે, ત્યારે મહાનગર પાલિકાને કડક કામગીરી શરૂ કરી છે. જેમાં ગઈકાલે સુરતમાં પણ કન્ટેઈનમેન્ટ વિસ્તારોમાં સિટી બસ સેવા બંધ કરવાનો વારો આવ્યો છે. તો સાથે જ સુરતના બાગ-બગીચાઓને પણ તાત્કાલિક અસરથી બંધ કરી દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. સુરત શહેર જિલ્લામાં કોરોનાનું ફરી ગંભીર સ્વરૂપ દેખાય રહ્યું છે.

અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ દિવસ દિવસે વધી રહ્યું છે. શહેરમાં કોરોના કેસનો આંકડો ૨૦૦ને પાર પહોંચ્યો છે. ત્યારે અમદાવાદના પશ્ચિમમાં આવેલા ૧૪ જેટલા વિસ્તારો માઈક્રોકન્ટેનમેન્ટમાં મૂકવામાં આવ્યા છે. જેમાં ચાંદલોડિયાના એડન ગોદરેજ ગાર્ડન સિટીમાં આવેલા ૫૬ મકાનોને માઈક્રોકન્ટેનમેન્ટમાં મૂકવામાં આવે છે. હાલ અહીં અવરજવર પર રોક લગાવી દીધી છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના છ તાલુકામાં ૨૮૭૯૨ સિનિયર સિટીઝનોને કોરોનાની રસી અપાઇ



લુણાવાડા,
રાજ્યભરમાં તા.૧ માર્ચથી ૬૦ વર્ષથી મોટી ઉંમરના સિનિયર સિટીઝનોને કોરોનાની રસી આપવાની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે મહીસાગર જિલ્લાના છ તાલુકામાં તા.૧૬ સુધીમાં ૨૮૭૯૨ સિનિયર સિટીઝનોને કોરોનાની રસી આપવામાં આવી છે. મહીસાગર જિલ્લાના ૬(છ) તાલુકામાં ૬૦ વર્ષથી મોટી ઉંમરના ૧,૦૨,૦૦૦ લોકો છે. આ સિનિયર સિટીઝનોને કોરોનાની રસી મળી રહે તે માટે જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લ વિકાસ અધિકારી સુ નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની દેખરેખમાં મહીસાગર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા તા.૧ માર્ચથી સિનિયર સિટીઝનોને કોરોનાની રસી આપવામાં આવી રહી છે. જેમાં અત્યારસુધીમાં એટલે કે તા. ૧૬મી સુધીમાં ૨૮૭૯૨ સિનિયર સિટીઝનોને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાઇ ગયો છે. જ્યારે બાકીના સિનિયર સિટીઝનોને કોરોનાની રસી આપવાની કામગીરી ચાલુ છે. સૌથી વધુ સંતરામપુર તાલુકામાં ૧૨૪૦૬ સિનિયર સિટીઝનોએ કોરોનાની રસી લીધી છે. જ્યારે બાલાસિનોર તાલુકામાં ૨૫૨૧, ખાનપુર તાલુકામાં ૨૪૯૭, કડાણા તાલુકામાં ૧૬૩૯, વિરપુર તાલુકામાં ૧૯૩૪, અને લુણાવાડા તાલુકામાં ૭૭૯૫ સિનિયર સિટીઝનોને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. જિલ્લાના સિનિયર સિટીઝનોને કોરોનાની રસી મળી રહે તે માટે ૪૫ સરકારી હોસ્પિટલ ખાતે અને ૦૬ ખાનગી હોસ્પિટલ ખાતે કોરોનાની રસી આપવામાં આવી રહી છે. જેમાં ૨૮૭૯૨ સિનિયર સિટીઝનોને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાઇ ચુક્યો છે.

મહીસાગર-લુણાવાડાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લાના પીએચસી, સીએચસી અને સરકારી દવાખાનામાં ૬૦ વર્ષથી મોટી ઉંમરના સિનિયર સિટીઝનોને વિના મુલ્યે કોરોનાની રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે.

કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવાની શરૂઆત તા.૧ માર્ચથી કરવામાં આવી છે. જેમાં માત્ર ૧૬ જ દિવસમાં ૩૦ ટકા કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. કોરોના રસીનો પ્રથમ ડોઝ લેનાર સિનિયર સિટીઝનોને બીજા ડોઝ માટે મોબાઇલ નંબર પર એસએમએસથી જાણ કરવામાં આવશે. ત્યારબાદ બીજો ડોઝ લેવાનો રહેશે. કોરોનાની રસી લેનાર સિનિયર સિટીઝનોએ જણાવ્યું હતું કે, કોરોનાની રસીથી કોઇ આડઅસર થતી નથી અને રસી લેવી જરૂરી છે. જેથી કરીને કોરોના સંક્રમણ અટકાવી શકાય. રાજ્ય સરકારના આભારી છીએ કે, પ્રથમ ૬૦ વર્ષથી મોટી ઉંમરના સિનિયર સિટીઝનોને કોરોના રસી આપવાની શરૂઆત કરી છે.

જ્યારે મહીસાગર જિલ્લામાં અગાઉ આરોગ્ય, પોલીસ, આઇ.સી.ડી.એસ. નગરપાલિકા, રેવન્યુ પંચાયત અને શિક્ષણ વિભાગના કર્મચારીઓ મળી ૧૫૧૦૦ અધિકારી-કર્મચારીઓને કોરોનાની પ્રથમ ડોઝ આપવામાં થતો હતો તે પૈકી ૧૩૮૫૨ અધિકારીઓ-કર્મચારીઓને જિલ્લાની વિવિધ ૨૨ શાખાઓ દ્વારા રસીકરણ ૯૨ ટકા જેટલી કામગીરી પુર્ણ કરવામાં આવી છે. અને ટૂંક સમયમાં જિલ્લા કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ ૧૦૦ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. આમ, મહીસાગર જિલ્લો કોરોના રસીકરણની કામગીરીમાં અગ્રેસર રહ્યો છે.

ડો. શાહે જિલ્લાના હજુ પણ સીનીયર સિટીઝનો અને ૪૫ થી ૫૯ વર્ષના ગંભીર બિમારી ધરાવતા હોય તેઓને કોરોનાની રસી મૂકાવી દેવાની અપીલ કરી આ રસીકરણમાં જનતાનો પૂર્ણ સહયોગ અને સહકાર મળશે તેવી આશા વ્યક્ત કરી છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૮ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૨૧૬૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના-૦૧ પુરૂષ, કડાણા તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૨ પુરૂષ અને સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૭-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૧૬૮ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી અને ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ તથા વિરપુર તાલુકાના ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૭૫ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/કોરોનાના કુલ ૧૩૯૫૪૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૨ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૯ દર્દી હોમ આઇસોલેશન અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮ દર્દીઓ સ્ટેબલ અને ૧૦ દર્દીઓ ઓક્સિજન પર છે.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર નગરમાંથી ધર્યૈરાજ માટે સંતરામપુર ડોળી સ્વયંસેવક અને તમામ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ડોલી અને સંતરામપુર માંથી ૨૮૦૭૬૦ દાન એકઠું કરવામાં આવેલું હતું. સંતરામપુરમાં અને ડોરીમાન નગરજનો અને દાતાઓનો સહકાર મળતા આભાર વ્યક્ત કરવામાં આવેલો હતો.

# કોરોનાએ ૩ મહિનાનો રેકોર્ડ તોડ્યો, ૨૪ કલાકમાં ૨૮ હજારથી વધુ લોકો સંક્રમિત

ન્યુ દિલ્હી,
કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આપેલા આંકડા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં વધુ ૨૮,૯૦૩ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે ૧૮૮ લોકોએ એક જ દિવસમાં કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. જે રીતે કોરોના વાયરસના કેસ ડબલ થઈ રહ્યા છે તેની સામે રોજ નોંધાતા મૃત્યુની સંખ્યામાં પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે. પાછલા મહિને એક સમય એવો આવ્યો હતો કે મૃત્યુઆંક ૧૦૦ની અંદર પહોંચી ગયા હતા. જ્યારે હવે આ આંકડો ૨૦૦ની નજીક પહોંચી રહ્યો છે.

ભારતમાં કોરોના વાયરસના કુલ કેસની સંખ્યા ૧,૧૪,૩૮,૭૩૪ થઈ ગઈ છે. જ્યારે ૧,૫૯,૦૪૪ લોકોના કોરોના વાયરસના કારણે દેશમાં મોત થઈ ગયા છે.

પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા ૨૯,૦૦૦ જેટલા નવા નોંધાયેલા કેસની સામે ૧૭,૭૪૧ દર્દીઓ સાજા થયા છે. આમ સાજા થનારા દર્દીઓની સંખ્યા કરતા નવા પોઝિટિવ કેસની સંખ્યા વધવાથી એક્ટિવ કેસનો આંકડો પણ મોટો થઈ રહ્યો છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨,૩૪,૪૦૬ પર પહોંચી ગઈ છે. જ્યારે દેશમાં કુલ સાજા થયેલા લોકોની સંખ્યા ૧,૧૦,૪૫,૨૮૪ થઈ ગઈ છે.

ભારતમાં કોરોના વાયરસ સામે લડવા માટે આપવામાં આવતા રસીના ડોઝની કુલ સંખ્યા ૩,૫૦,૬૪,૫૩૬ થઈ ગઈ છે. આઇસીએમઆર મુજબ ૧૬ માર્ચ સુધીમાં ૨૨,૯૨,૪૯,૭૮૪ લોકોના કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી મંગળવારે ૯,૬૯,૦૨૧ લોકોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો.

## ગર્ભપાતની સમય સીમા ૨૪ સપ્તાહ સુધી વધારવા અંગેનુ બિલ રાજ્યસભામાં પાસ

ન્યુ દિલ્હી,
રાજ્યસભામાં ગર્ભવતી મહિલાઓને રાહત પહોંચાડનારુ એક બિલ પાસ કરવામાં આવ્યુ. બિલ હેઠળ ગર્ભપાત કરાવવાની મહત્તમ સીમા વર્તમાન સમય સીમા (૨૦ સપ્તાહ)થી વધારીને ૨૪ સપ્તાહ કરવામાં આવી છે. લોકસભામાં આ બિલ પહેલા જ પાસ કરવામાં આવી ચૂક્યુ છે. બિલ પાસ થયા બાદ કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને ટ્વિટ કરીને કહ્યુ કે, 'આ બિલ મહિલાઓની ગરિમા અને તેમના અધિકારોની રક્ષા કરશે.

આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને 'ધ મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નેન્સી(સુધારા) બિલ ૨૦૨૦' ને મંગળવારે રાજ્યસભામાં રજૂ કર્યુ જેને ધ્વનિ મતથી પાસ કરવામાં આવ્યુ. બિલ એ પણ સુનિશ્ચિત કરે છે કે મહિલાઓને માનવીય અધિકાર પર સુરક્ષિત અને કાનૂની ગર્ભપાત કરાવવા માટે ચિકિત્સકીય સેવાઓ મળે. બિલ પર ચર્ચા કરીને ડૉ. હર્ષવર્ધને રાજ્યસભામાં કહ્યુ કે આ બિલને ઘણા લોકો અને સમૂહો સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ તૈયાર કરવામાં આવ્યુ છે. આ બિલ લાંબા સમયથી પેન્ડીંગ હતુ અને તેને ગયા વર્ષે લોકસભામાં પાસ કરવામાં આવી ચૂક્યુ છે. તેમણે કહ્યુ કે આ બિલ મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નેન્સી એક્ટ, ૧૯૭૧માં સુધારાની માંગ કરે છે. આમાં મહિલાઓને વિશેષ પરિસ્થિતિમાં ૨૪ સપ્તાહ સુધી ગર્ભપાત કરાવવાની જોગવાઈ છે પરંતુ તે કોઈ વર્ગ વિશેષનુ વર્ણન નથી કરતુ.

ઉલ્લેખનીય છે કે ગર્ભપાત સાથે સંબંધિત વર્તમાન કાયદાના કારણે કોઈ ગંભીર બિમારીથી પીડિત મહિલા કે દુષ્કર્મ પીડિતા ગર્ભપાત કરાવવામાં ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થવુ પડતુ હતુ. મહિલાનો ગર્ભપાત ગર્ભ ધારણ કર્યાના ૨૦ સપ્તાહ બાદ નહોતો કરી શકાતો. વર્તમાન કાયદા મુજબ જો ગર્ભપાત ૧૨ સપ્તાહની અંદર કરવામાં આવે તો તેના માટે એક ડૉક્ટરની સલાહની જરૂર પડતી હતી અને જો ગર્ભપાત ૧૨થી ૨૦ સપ્તાહમાં કરવામાં આવે તો તેના માટે ૨ ડૉક્ટરોની સલાહની જરૂર પડતી હતી. જ્યારે આ બિલ અનુસાર ગર્ભધારણના ૨૦ સપ્તાહ સુધી ગર્ભપાત કરાવવા માટે ૧ ડૉક્ટરની સલાહની જરૂર પડશે અને અમક શ્રેણીઓમાં મહિલાઓને ૨૦થી ૨૪ સપ્તાહમાં ગર્ભપાત કરાવવા માટે ૨ ડૉક્ટરોની સલાહની જરૂર પડશે.

## જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા
# ગુજરાત વહીવટી સેવા-૦૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨, નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની પરીક્ષા લેવાશે

લુણાવાડા,
તા.૨૧/૦૩/૨૦૨૧ના રોજ જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી સેવા-૦૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨, નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ જાહેર પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તથા ઉમેદવારો શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે મહીસાગર-લુણાવાડાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂએ આજે તા.૨૧/૦૩/૨૦૨૧ના રોજ સવારના ૦૮-૦૦ કલાકથી સાંજના ૨૦-૦૦ કલાક સુધીના સમયગાળા માટે અત્રેના મહીસાગર જિલ્લામાં કિસાન માધ્યમિક વિદ્યાલય, બસ સ્ટેન્ડ સામે, લુણાવાડા, પંચશીલ હાઈસ્કૂલ, એસ.ટી.વર્કશોપ સામે, લુણાવાડા, એસ.કે.હાઈસ્કૂલ, ફુવારા ચોક પાસે, રાજમહેલ બ્રાન્ચ, લુણાવાડા, એસ.કે.હાઈસ્કૂલ, કોટેજ હોસ્પિટલ પાસે, લુણાવાડા, સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, પશુદવાખાના પાસે, લુણાવાડા, આદર્શ વિદ્યલય, વરધરી રોડ, લુણાવાડા, બ્રાઇટ મા.અને ઉ.મા.શાળા, નવા કારવા, લુણાવાડા, હાજી.જી.યુ.પટેલ હાઈસ્કૂલ, મધવાસ દરવાજા બહાર, લુણાવાડા, સરદાર પટેલ વિદ્યાલય, ચારકોસીયા નાકા પાસે, લુણાવાડા, ક્રિસ્ટરલ સાયન્સ સ્કૂલ, ચારકોસીયા નાકા પાસે, લુણાવાડા, વેલ્હેમ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ, સૈફી હોસ્પિટલ પાસે, ચારકોસીયા નાકા, મોડાસા રોડ, લુણાવાડા ખાતે પરીક્ષા લેવામાં આવનાર છે.

## રાજ્યમાં ડીસા-ગાંધીનગર ૩૯ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર

ગાંધીનગર,
શિયાળાની ઋતુનાં અંત સાથે માર્ચ મહિનાની શરૂઆતમાં ઉનાળાની ગરમીની શરૂઆત થઇ ગઇ છે. હવામાન ખાતાની આગાહી અનુસાર આગામી ૨ દિવસ રાજ્યમાં હિટવેવની આગાહી છે. રાજ્યનાં મોટાભાગનાં શહેરોમાં તાપમાનનો પારો ઉંચકાયો છે. દિવસની શરૂઆતમાં લોકોની અવર-જવર જોવા મળતી હોય છે પરંતુ જેવી બપોર પડે કે રસ્તે કાગડાઓ ઉડતા જોવા મળે છે.

આ વખતનો ઉનાળો ભારે આકરો નીવડવાની સંભાવના છે. રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. જ્યારે અમદાવાદ સહિત ૧૬ શહેરોમાં તાપમાન ૩૭ને પાર પહોંચી ગયુ છે. ગુજરાતમાં ગ્રીન સિટી તરીકે ઓળખાતુ શહેર અને રાજ્યનું પાટનગર ગાંધીનગરની વાત કરીએ તો અહી ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. ઉપરાંત ડીસામાં પણ ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. રાજ્યમાં આ બન્ને શહેરો સૌથી ગરમ રહ્યા છે.

ગુજરાતનાં ઘણા વિસ્તારો આજે બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. આપને જણાવી દઈએ કે, હવામાન વિભાગે રાજ્યમાં હિટવેવ સાથે વરસાદ પડવાની આગાહી કરી છે. ૨૦ અને ૨૧ માર્ચનાં રોજ દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને મહીસાગરમાં વરસાદની વકી છે.

ગુજરાતમાં હાલ ઠંડીની સિઝન પૂર્ણ થવાને આરે છે. જો કે, ઉનાળાની શરૂઆત પહેલા જ ગરમીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને બપોરનાં સમયે લોકો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે તો વળી કેટલાક લોકો પંખાનો પણ સહારો લઈ રહ્યા છે. બપોરનાં સમયે ઘણા વિસ્તારોમાં છત્ર પણ ચાલુ રાખ્યુ હોવાનું જોવા મળ્યું હતુ.

# કોરોના ગ્રહણ: ૩૫ વર્ષથી જામેલી પટેલ ટ્રાવેલ્સે ધંધો સંકેલવા કર્યો નિર્ણય



અમદાવાદ,
અમદાવાદ સહિત રાજ્યભરમાં કોરોનાનાં કેસ વધી રહ્યા છે. એવામાં ટ્રાવેલ્સના ધંધામાં નુકસાનનો સામનો કરી રહેલા પટેલ ટ્રાવેલ્સે ધંધો સંકેલી લેવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા ૧૨ મહિનાથી કોરોના કાળ ચાલી રહ્યો છે. ૩૨ વર્ષ જૂના ટ્રાવેલ્સના ધંધાને કોરોનાકાળના ૧૨ મહીનાં નડી ગયા અને પટેલ ટ્રાવેલ્સે આખરે આ ધંધો બંધ કરવાનું નક્કી કર્યું છે. આ પ્રસંગે માલિક મેઘજીભાઈએ પોતાના ધંધામાં થઈ રહેલી આમદની અઠન્ની અને ખર્ચા રૂપૈયાનો ચિતાર રજૂ કર્યો છે.

પટેલ ટ્રાવેલ્સના માલિક મેઘજીભાઈ પટેલના ધંધાને કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. એટલે જ તેઓએ પોતાની ૭૦ બસ વેચવા કાઢી છે. ૫૦ જેટલી બસ અગાઉથી વેચી દીધી હોવાનું તેઓએ જણાવ્યું હતું. તેઓ વધુમાં જણાવે છે કે, તેમના ટ્રાવેલ્સના ધંધામાં ૩૦૦ બસ હતી. કોરોનામાં પુરતા મુસાફરો ન મળતા ધંધો ધીરે ધીરે બંધ કરવાની નોબત આવી છે. હાલ ૧૦૦ બસ અલગ અલગ કંપનીઓમાં કોન્ટ્રાક્ટ પર દોડી રહી છે. કોન્ટ્રાક્ટ પૂરો થતાં એ બસો પણ વેચી દેવાશે. હાલની પરિસ્થિતિ પ્રમાણે એક બસ પાછળ થઈ રહેલા ખર્ચનો ચિતાર આપતા તેઓએ જણાવ્યું કે, ૪૦ હજાર ટેક્સ, ૬૫ હજારનો હપ્તો, ૧૫ હજાર ડ્રાઈવરનો પગાર, ૮ હજાર કંડક્ટરનો પગાર, ૧૨ હજાર મેન્ટેનન્સ, ૮ હજારનો ઈન્સ્યોરન્સ અને ડીઝલનો ખર્ચ અલગથી કરવો પડે છે. હાલ ડીઝલના ભાવ ૮૮ રૂપિયાએ પહોંચ્યો છે. જેની સામે આવક નહિવત છે. હાલની સ્થિતિ પ્રમાણે બસની બેઠક વ્યવસ્થાના ૭૫ ટકા સીટ ભરી શકાય છે પરંતુ મુસાફરો મળતા નથી. કોરોના કાળમાં સરકારનો સહયોગ પણ પૂરતો રહ્યો હતો. લૉકડાઉન વખતે સરકારે ૬ મહિના ટેક્સમાં રાહત પણ આપી હતી પરંતુ મુસાફરો જ ન મળે તો સરકાર શું કરે?

તેઓએ ઉમેર્યુ કે, હાલ તો બસો વેચી બેંકોની લોનના હપ્તા ભરી દઈશું જેથી શાખ બની રહે. પરિસ્થિતિ ફરી સુધરશે તો ફરી ધંધામાં પાછા ફરીશું. મહત્ત્વનું છે કે રાજ્યોમાં નાના મોટા ૧,૫૦૦ ટ્રાવેલ્સના ધંધાર્થીઓ છે. જેમાંથી ૨થી ૫ ટકા વેપારીઓને બાદ કરતાં મોટાભાગનાની હાલત એક જેવી જ છે.

## લુણાવાડા-શહેરા રોડ ઉપર પીકઅપમાં કત્તલ માટે લઈ જવાતા બે ગૌવંશ બચાવાયા



ગોધરા,
લુણાવાડ-શહેરા હાઈવે રોડ ઉપર પીકઅપ બોલેરોમાં પશુઓ ભરીને લઈ જવાઈ રહ્યા છે. તેવી બાતમીના આધારે શહેરા પોલીસે બે ગૌવંશ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે લુણાવાડા-શહેરા હાઈવે રોડ ઉપર પીકઅપ બોલેરો ગાડીમાં કત્તલના ઈરાદે ગૌવંશ ભરીને લઈ જવાઈ રહ્યા છે. તેવી જાણ શિવસેના દ્વારા શહેરા પોલીસને કરવામાં આવી હતી. પોલીસે હાઈવે રોડ ઉપર વોચ ગોઠવી બોલેરો ગાડીમાંથી બે ગૌવંશ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે ગૌવંશને પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા. આ બાબતે શહેરા પોલીસ મથકે પશુધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## વેતનના પડતર પ્રશ્નો અંગે LIC ના કર્મચારીઓ આજે હડતલા પર ઉતરશે

નડિયાદ,
એલ.આઈ.સી કર્મચારીઓ આવતીકાલે એક દિવસની હડતાલનું એલાન કર્યું છે. એલ.આઈ.સીના આઈ.પી.ઓ અને વિમાક્ષેત્રમાં વિદેશી કંપનીઓરોકાણની મંજૂરી સામે તથા વિલંબિત વેતતના પડતર પ્રશ્નો અંગે આ હડતાલનું આયોજન કરવામાં આવ્યું છે. નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈન્સ્યોરન્સ વર્કસ તેમજ સાથી સંગઠન દ્વારા બહાર પાડવામાં આવેલ યાદીમાં જણાવ્યા મુજબ એલ.આઈ.સીના આઈ.પી.ઓ તથા વિમાક્ષેત્રમાં ૭૪% એફ.ડી.આઇ કરવાના નિર્ણય સામે વિરોધ કરવામાં આવ્યો છે. સાથે સાથે ૪૫ મહિનાથી કર્મચારીઓના વિલંબિત વેતનના મુદ્દે બાયો ચઢાવી એક દિવસની હડતાલ પર ઉતરવાનો નિર્ણય કર્યો છે. આવતીકાલે ૧૮મી માર્ચના રોજ સંકળાયેલા તમામ કર્મચારીઓ એક દિવસની હડતાલ પર ઉતરી પોતાનો વિરોધ વ્યક્ત કરશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૮-૦૩-૨૦૨૧, ગુરૂવાર, ફાગણ સુદ-૫, સૂર્યોદય-૬-૨૮, સૂર્યાસ્ત-૬-૩૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ ભરણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૮.૦૩.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- ઉંડાણ પૂર્વકની સમજણનો યોગ્ય ઉપયોગ લાભ દાયક રહેશે. વિદેશ વસવાટ કરવાની ઈચ્છા ફળવાની.
વૃષભ (બ.વ.ઉ.) :- ભાગ્ય પરિવર્તના માટેના તમારા પ્રયત્નો ફળવાના અધીકારી વર્ગનો સહકાર સારો મલવાનો સ્વાસ્થ્ય જાળવવું.
મિથુન (ક.છ.ઘ.) :- અવિવાહીતોને લગ્નની ઈચ્છ ફળે નકારાત્મક વિચારોથી દૂર રહેવું.
કર્ક (ડ.હ.) :- પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય નોકરીમાં મનગમતું કાર્ય મલે. ધાર્મિક યાત્રા પ્રવાસની ઈચ્છા ફળવાની.
સિંહ (મ.ટ.) :- વગદાર વ્યકિતના મુલાકાત લાભદાયક રહેશે. મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા રહે. સામાજીક પ્રતિષ્ઠા વધે.
કન્યા (પ.ઠ.ણ.) :- બીજાના કાર્યમાં અવરોધો ઉભા કરાવવાથી દૂર રહેજો તમારા કાર્યને વળગી રહો વાંચન પ્રત્યે વધુ ધ્યાન આપો.
તુલા (ર.ત.) :- રોકાયેલા નાણા માટે પ્રવાસ થાય મિલ્કતથી લાભ રહે. વાહન ચલાવવામાં સાવધાની રાખવી ગુસ્સો ટાળવો.
વૃશ્ચિક (ન.ય.) :- શુભ પ્રસંગોનું આયોજન થાય લગ્ન જીવનમાં ગેર સમજો ટાળવી નબળા વિચારોથી દૂર રહેજો.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક લાભ માટેના પ્રયત્નો ફળવાના નવી યોજનામાં સફળતા રહે. શેર સટ્ટામાં સફળતા મલવાની.
મકર (ખ.જ.) :- નાણાકીય લેવડ-દેવડમાં સરળતા રહે. આવકની સાથે ખર્ચ રહે. જીવનમાં ઉત્સાહમાં વધારો થવાનો.
કુંભ (ગ.શ.સ.) :- બપોરે પછીનો સમય અનુકુળતા વાળો રહેશે અચાનક પ્રાસનો યોગ બને વીલ વારસાના પ્રશ્નોમાં લાભ.
મીન (દ.ચ.ઝ.) :- વાદ-વિવાદમાં દૂર રહેજો કાનૂની પ્રશ્નોમાં સમાધાનથી લાભ નોકરીમાં પ્રમોશન બદલીના ચાન્સ ઉભા થયા.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લાની તમામ તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી

દાહોદ,

દાહોદ જિલ્લાની નવ તાલુકા પંચાયતની ૨૩૮ બેઠકોમાંથી ભાજપે ૧૯૮ બેઠકો મેળવીને ભવ્ય વિજય મેળવ્યો હતો. તાલુકા પંચાયતમાં ભાજપના પ્રમુખ ગૌરીબેન પરમાર અને ઉપપ્રમુખ જશોદાબેન નાયક બિનહરીફ ચુંટાઈ આવ્યા છે. જ્યારે સંજેલીમાં પ્રમુખપદે ભુપેન્દ્રભાઈ સંગાડા અને ઉપપ્રમુખપદે કમળાબેન બામણીયા બિનહરીફ વરણી થયા છે.

લીમખેડા તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ માટે પોલિસી મુજબ બેઠકના શર્માબેન જયપાલભાઈ મુનિયા તથા ઉપપ્રમુખ પદ માટે મોટીવાવ બેઠકના બળવંતસિંહ સબુરભાઈ પટેલની બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. તાલુકા પંચાયતની કુલ ૨૪ બેઠકોમાંથી ૨૩ બેઠકમાં ભાજપ વિજેતા બન્યું હતું. જ્યારે એક અપક્ષ ચૂંટાયેલાં સભ્યએ પણ ભાજપને સમર્થન જાહેર કર્યું છે. તાલુકા પંચાયતની ૧૩ બેઠકોમાં મહિલાઓ વિજેતા બની હોવાથી ભાજપ દ્વારા પ્રમુખપદ પણ મહિલાને સુપ્રત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તાલુકા પંચાયત લીમખેડામાં કારોબારી સમિતિના ચેરમેન પદે રૂપસિંહભાઈ પારૂભાઈ માવી પક્ષના નેતા પદે કવિતાબેન બાબુભાઈ રાવત તથા દંડક તરીકે દિનેશભાઈ વરસીંગભાઈ ડામોરની નિયુકિત જાહેર કરવામાં આવશે.

સીંગવડમાં તા.પં.ની ચૂંટણીમાં ભાજપે ૧૮ બેઠકોમાંથી ૧૬ બેઠકો કબજે કરી હતી. પ્રમુખ પદ માટે મલેકપુર ઉપર વિજેતા થયેલા કાંતાબેન ડામોર તથા ઉપપ્રમુખ પદ માટે મંડેર ઉપરથી ચૂંટાયેલા લીલાબેન ડાયરાએ ઉમેદવારી પત્ર ભરતા તેઓ બિનહરીફ વિજેતા થયા હતા. જેમાં કારોબારી ચેરમેન પદે રવેસિંહ તાવિયાડ તેમજ પક્ષના નેતા તરીકે સિંગવડ તા.પં. બેઠકના ક્રિષ્નાબેન અને દંડક તરીકે જયાબેન ઠાકોરની વરણી થઈ હતી.

ફતેપુરા તાલુકા પંચાયતની ૨૮ સીટોમાથી ૨૩ સીટો ભાજપના ફાળે આવતા સ્પષ્ટ બહુમતી મળતા મંગળવારે ભાજપ પક્ષ તરફથી ફતેપુરા તાલુકા પંચાયતના પ્રમખુ તરીકે વાંગડ તાલુકા પંચાયત સીટ પરથી જીતીને આવેલ ઉમેદવાર રમીલાબેન દિનેશભાઈ પારગીની પક્ષ તરફથી ફોર્મ રજુ કરવામા આવ્યુ હતું. પ્રમુખ તરીકે દાવેદારી કરેલ રમીલાબેન બિનરીહફ ચુંટાઈ આવ્યા હતા.

ગત ટર્મમા તેઓના પતિ તાલુકા પંચાયત સભ્ય રહી ચુક્યા છે. ઉપપ્રમુખ માટે ભાજપ પક્ષ તરફથી ડુંગર સીટ પરથી જીતીને આવેલ ઉમેદવાર પર્વતભાઈ જગજીભાઈ તાવીયાડનુ ફોર્મ તાલુકા વિકાસ અધિકારીને રજુ કરવામા આવેલ છે. પર્વતભાઈ મહામંત્રી તરીકે અગાઉ ફતેપુરા તાલુકા રહી ચુકયા છે. રમીલાબેન અને પર્વતભાઈ સામે કોઈએ ઉમેદવારી નહીં નોંધાવતા તેઓને બિનહરીફ વિજેતા જાહેર કરાશે.

ભાજપાએ કોંગ્રેસના સુપડા સાફ કરીને ભગવો લહેરાયો હતો. દેવગઢ બારીયા તાલુકા પંચાયતના મોટીખજુરી તાલુકા પંચાયતના ૩ ટર્મથી વિજેતા અને અગાઉની ટર્મમાં પ્રમુખ અને ઉપપ્રમુખ રહી ચુકેલા પાર્વતીબેન દિપસીગભાઈ રાઠવાએ પ્રમુખ પદ માટે અને ઉપપ્રમુખ માટે લવારીયા તાલુકા પંચાયત બેઠકના પ્રથમ વખત ચુંટાઈને આવતા પંકજકુમાર નરવતસિંહ બારીઆએ ઉમેદવારી નોંધાવી હતી. જેથી તેઓ બિનહરીફ વિજેતા થયા હતા.

ધાનપુર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પીપેરો તાલુકા પંચાયત સીટના પૂર્વ સરપંચ રહી ચુકેલા અને પ્રથમ વખત ચુંટાઈને આવતા કાન્તાબેન નરવતસિહ બામણીયાએ પ્રમુખ પદ માટે ઉમેદવારી નોંધાવી હતી. ઉપપ્રમુખ માટે ભોરવા તાલુકા પંચાયતના પ્રથમ વખત ચુંટાઈને આવતા કંપાબેન જુવાનસિહ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જેથી બંને સ્થળે કોઈ દાવેદાર ન હોવાથી ધાનપુરમાં પ્રમુખ–ઉપપ્રમુખ બિનહરીફ જાહેર થયા હતા.

ઝાલોદ તાલુકા પંચાયતની પ્રમુખ–ઉપપ્રમુખની ચૂંટણી માટે વાંકોલ બેઠક ઉપરથી વીજેતા થયેલા રમેશભાઈ ભાભોર અને જાફરપુરા બેઠક ઉપરથી વીજેતા થયેલા અનીતાબેન મછારે ઉપપ્રમુખ તરીકે દાવેદારી નોંધાવી હતી. જેમાં યોજના સહ તાલુકા વિકાસ અધિકારી ડી.એન. પટેલ સમક્ષ ફોર્મ રજુ કરાતા આ બંને સામે કોઈએ પણ દાવેદારી રજૂ ન કરતા પ્રમુખ બનેલા રમેશભાઈ અગાઉ બે વખત ચુંટણી લડી ચુકેલા અને ત્રીજી વખતમાં તેઓને પ્રમુખ પદ મળ્યુ હતું. તેવી જ રીતે જાફરપુરા બેઠક ઉપરથી અનીતાબેન પ્રથમ વખત જ વીજેતા થઈને ઉપપ્રમુખ બન્યા હતાં. કોઈ દાવેદારી રજૂ ન થતાં રમેશભાઈ અને અનીતાબેન બિનહરીફ વીજેતા જાહેર થયા હતા.

ગરબાડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો કેસરિયો લહેરાયો છે. ત્યારે આગામી અઢી વર્ષ માટે ગરબાડા–૨ સીટ પરથી પ્રથમવાર ચુંટાઈ આવેલ મનીષાબેન અર્જુનભાઈ ગણાવાની ગરબાડા તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે પસંદગી કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ પદ પર નઢેલાવ બે સીટ પરથી બીજી વખત ચૂંટાયેલા જીવલીબેન ભાભોર ચુંટાયા હતા. ઉપપ્રમુખ પદે જીવલીબેન પાછલા વર્ષમાં સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે પણ જવાબદારી નિભાવી ચુક્યા છે. આમ આગામી સમય માટે ગરબાડા તાલુકાના વિકાસ માટે આ બંને મહિલા શક્તિની ચુંટાતાં જ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

સંજેલી તાલુકા પંચાયતની ૧૬ બેઠકોમાંથી ૧૨ બેઠકો પર ભાજપ અને ૪ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો જીત્યા છે. તાલુકા પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ભાજપની સ્પષ્ટ બહુમતીને લઈ મેન્ટેડના આધારે ઉમેદવારોએ પ્રમુખ અને ઉપપ્રમુખ માટે દાવેદારી નોંધવાઈ હતી. તેવી રીતે કોંગ્રેસ પક્ષે પણ ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યાં હતાં. જેમાં ભાજપના હીરોલા બેઠક પરથી ચૂંટાયેલા પ્રમુખપદે ઉપેન્દ્રભાઈ કાળુભાઈ સંગાડા વિજેતા થયા હતા.

જયારે હિરોલા માજી સરપંચ તરીકેની જવાબદારી નિભાવી ચુક્યા છે અને હાલ તેમના ધર્મપત્ની સરપંચ છે. જ્યારે સંજેલી–૨ બેઠક પરથી ચૂંટાયેલા કમળાબેન શરદભાઈ બામણીયાએ ઉપપ્રમુખ બીનહરીફ વીજેતા થયા છે.

## દાહોદ પાલિકામાં પ્રમુખ તરીકે ભાજપના રીનાબેન પંચાલ અને ઉપપ્રમુખપદે અબ્દીન સમુનભાઈ ચલ્લાવાળાની બિનહરીફ વરણી



દાહોદ,

દાહોદવાસીઓ અને રાજકારણીઓના આતુરતાનો આજે અંત આવ્યો હતો. દાહોદ નગરપાલિકાની પ્રમુખ, ઉપપ્રમુખની આજરોજ બીન હરીફ વરણી કરવામાં આવી હતી. દાહોદ નગરપાલિકાના પ્રમુખ તરીકે વોર્ડ નંબર ૦૪ના મહિલા કાઉન્સીલર રીનાબેન ધર્મેન્દ્રકુમાર પંચાલ અને ઉપપ્રમુખ તરીકે વોર્ડ નંબર ૦૬ના કાઉન્સીલર અબદી ચલ્લાવાલા બીન હરીફ નિયુક્ત થયાં હતાં. નગરપાલિકા આલમ સહિત ભાજપ મોવડી મંડળમાં ખુશીનું મોજુ છવાઈ ગયું હતું જ્યારે દાહોદ જિલ્લા પંચાયતમાં પ્રમુખ તરીકે શીતલબેન વાઘેલા અને ઉપપ્રમુખ તરીકે સરતનભાઈ ચૌહાણની વરણી કરવામાં આવી હતી.

દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીમાં ભાજપાએ ઠેર ઠેર પોતાનો ભગવો લહેરાવતાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને દાહોદ નગરપાલિકામાં સ્પષ્ટ બહુમતિથી ભવ્ય વીજય મેળવ્યો હતો ત્યારે છેલ્લા કેટલાક સમયથી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને દાહોદ નગરપાલિકામાં કોને પ્રમુખ અને કોને ઉપપ્રમુખ બનાવાશે તેની પુરજોશમાં ચર્ચાઓ સાથે આતુરતા જોવા મળતી હતી. અનેક ચર્ચાઓ વચ્ચે આજે દાહોદ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવી હતી. સવારના બરાબર ૧૧.૦૦ વાગ્યાના ટકોરે દાહોદ નગરપાલિકાના સભાખંડમાં દાહોદ શહેર ભાજપ મોવડી મંડળના સદસ્યો, કાર્યકરો, કાઉન્સીલરો વિગેરે એકઠા થયાં હતાં જ્યાં દાહોદ વોર્ડ નંબર ૦૪માંથી બિન હરીફ ચુંટાઈ આવેલા મહિલા કાઉન્સીલર રીનાબેન ધર્મેન્દ્રકુમાર પંચાલને પ્રમુખ પદે નિયુક્તિ કરવામાં આવી હતી જ્યારે ઉપપ્રમુખ તરીકે વોર્ડ નંબર ૦૬ના કાઉન્સીલર અને વ્હોરા કોમ્યુનીટીમાંથી આવતાં અબદી ચલ્લાવાલાની નિયુક્તિ કરવામાં આવી હતી. કહેવાઈ રહ્યું છે કે, અબદી ચલ્લાવાલાને ઉપપ્રમુખ બનાવી વ્હોરા કોમ્પ્યુનીટીમાં ભાજપનો વોટ બેન્ક મજબુત કરવાના પ્રયાસો કરાયાં છે. બીજી તરફ દાહોદ નગરપાલિકામાં કારોબારી ચેરમેન તરીકે લક્ષ્મણભાઈ લાલાભાઈ રાજગોર, પક્ષના નેતા તરીકે રાજેશભાઈ આસનદાસ સહેતાઈ અને દંડક તરીકે શ્રધ્ધાબેન ચિરાકુમાર ભડંગની નિયુક્તી કરવામાં આવી હતી. આમ, દાહોદ નગરપાલિકામાં પ્રમુખ, ઉપપ્રમુખની વિરણી થતાં ભાજપા મોવડી મંડળમાં ખુશીના માહોલ સાથે આતશબાજી કરી તેમજ એકબીજાનું મોંહ મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં પ્રમુખ, ઉપ્રમુખની નિયુક્તિમાં કોઈપણ ઉમેદવારો ઉમેદવારી ફોર્મ ન ભરતાં અને કોઈએ પણ બળવા ન પોકારતાં આખરે ભાજપા મોવડી મંડળે અંતે હાશકારો લીધો હતો. બીજી તરફ ભલે હાલ દાહોદ નગર પાલિકામાં પ્રમુખ, ઉપપ્રમુખ બિન હરીફ નિયુક્ત થયા છે પરંતુ જ્યારે પાલિકામાં ભવિષ્યમાં કોઈ કમીટીની રચના કરવામાં આવશે તો અન્ય ઉમેદવારો પોત પોતાના મનગમતા ખાતાઓ મેળવવા બળવો પોકારી શકે તેમ કહીએ તેમાં કોઈ અતિશ્યોક્તિ નહીં ગણાય.

વાત કરીએ દાહોદ જિલ્લા પંચાયતની તો જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ભારતીય જનતા પાર્ટીના દાહોદ જિલ્લા પંચાયતના અધિકૃત ઉમેદવાર શીતલબેન વાઘેલાને પ્રમુખ પદે નિયુક્ત કરવામાં આવ્યાં હતાં તો ઉપપ્રમુખ પદે સરતનભાઈ ચૌહાણની નિયુક્તિ કરવામાં આવી હતી. આ સાથે જ ઉમેદવારીની નિયુકિતના સમાચાર મળતાંની વેંત કાર્યકરો, ટેકેદારો સહિત લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

## ધાનપુરના રામપુર ગામે પંદર દિવસ પહેલા ચુંટણીના વિજય સરઘસથી પસાર થતાં કાર ચાલક મારમારતાં ફરિયાદ

દાહોદ,

ધાનપુર તાલુકાના રામપુર ગામે પંદર દિવસ અગાઉ સ્થાનીક સ્વરાજ્યની ચુંટણી ટાણે વીજય ઉમેદવારનું નીકળેલ સરઘસની વચ્ચે એક વ્યક્તિ પોતાની ફોર વ્હીલર ગાડી લઈ પસાર થતાં તે સમયે ગાડીથી બે – ત્રણ માણસોને ટક્કર વાગી જતાં ગાડી ઉભી રાખતાં સરઘસમાં સામેલ ૪ જેટલા વ્યક્તિઓએ આ વાહન ચાલકને લાપટો ઝાપટો તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ધાનપુર તાલુકાના વેડ ગામે આંબાવાડી ફળિયામાં રહેતા રાજેન્દ્રકુમાર અંદરસિંહ ચૌહાણ ગત તા.૦૨ માર્ચના રોજ પોતાના કબજાની ઈક્કો ફોર વ્હીલર ગાડી લઈ રામપુરા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ સમયે ત્યાથી વિજયી ઉમેદવારનું સરઘસ નિકળતું હતું અને તે સમયે ત્યાંથી પોતાની ગાડી લઈ પસાર થતાં તે સમયે ગાડીને બે – ત્રણ વ્યક્તિઓને ટક્કર વાગી હતી. આ દરમ્યાન શંકરભાઈ ગોવિંદભાઈ પટેલે રાજેન્દ્રકુમારને લાપટો મારી દીધી હતી અને આ બાદ રાજેન્દ્રકુમાર થોડે દુર જઈ ગાડી ઉભી રાખતાં શંકરભાઈ ગોવિંદભાઈ પટેલ, હીરાભાઈ પ્રતાપભાઈ પટેલ, અરવિંદભાઈ પ્રતાપભાઈ પટેલ અને હિંમતભાઈ શનાભાઈ પટેલ (તમામ રહેવાસી, રામપુર) નાઓએ રાજેન્દ્રકુમાર પાસે દોડી આવી તેઓને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી અને ગાડીના કાંચ તોડી નાં નુકસાન કરતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રાજેન્દ્રકુમાર અંદરસિંહ ચૌહાણે તા.૧૬મી માર્ચના રોજ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કોવીડ વેક્સિનના બંને ડોઝ લેનારા નાયબ મામલતદાર દિપકકુમાર મોદી વેક્સિન સંપૂર્ણપણે સુરક્ષિત



દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના નિયંત્રણમાં આવ્યા બાદ ફરીથી ઉથલો મારે તેવી શકયતાઓ જણાઈ રહી છે ત્યારે જરૂરી છે કે દરેક નાગરિક કોરોના બાબતની માસ્ક અનિવાર્યપણે પહેરવા સહિતની તમામ સાવધાનીઓ ધ્યાને રાખે અને તેનું અવશ્ય પાલન કરે. બીજી તરફ એ પણ જરૂરી છે કે કોવીડ વેક્સિનના બંને ડોઝ પણ નાગરિકો લઈ લે. અત્યારે ૬૦ થી વધુ ઉંમરના વડીલો અને ૪૦ થી વધુ ઉંમરના ગંભીર રોગ ધરાવતા વ્યકિતઓ માટેનું વેક્સિનેશન ચાલી રહ્યું છે. ત્યારે ઘરમાં પણ કોઈ વડીલ હોય કે ગંભીર રોગ ધરાવતા (કોમોરબીડ) વ્યક્તિ હોય જેમની ઉંમર ૪૦ કે તેથી વધુની છે. તેઓ સરકારની આ સુવિધાનો અવશ્ય લાભ લે.

કોવીડ વેક્સિનના બંને ડોઝ લેવા ખૂબ જરૂરી છે. કોવીડ વેક્સિનના બંને ડોઝ લેનારા કોરોના વોરિર્યસનો આ અંગેનો જાત અનુભવ આજે આપણે જાણવાનો છે. જિલ્લા સેવા સદન ખાતે નાયબ મામલતદાર અને કલેક્ટરના અંગત મદદનીશ તરીકે ફરજ બજાવતા દિપકકુમાર મોદીએ કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે અને તેમણે પોતાનો અનુભવ જણાવતા કહ્યું કે, મેં કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. વેક્સિનની કોઈ પણ આડઅસર જણાઈ નથી. આ બાબતની અફવાઓ સદંતર ખોટી છે. સૌ કોઈએ કોરોના વેક્સિન બાબતે હકારાત્મક વલણ રાખીને વેક્સિનના બંને ડોઝ સમયસર લઈ લેવા.

કોવીડ વેક્સિન સરકારી દવાખાનાઓ ઉપરાંત માન્ય ખાનગી દવાખાનાઓમાં પણ નિયત ચાર્જ ચૂકવીને લઈ શકાય છે. વેક્સિનેશનની કામગીરી ચાલુ છે ત્યારે સૌ નાગરિકોએ કોરોના બાબતની તમામ સાવચેતીઓનું અચૂક પાલન કરવાનું છે. માસ્ક, સામાજિક અંતર અને સેનિટાઈઝરનો ઉપયોગ કરીને પોતાને અને પરિવારને સુરક્ષિત રાખવાના છે અને સરકાર દ્વારા કોવીડ રસીકરણ અભિયાનમાં સંપૂર્ણ સહયોગ પણ આપવાનો છે.

## દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે નવા પાંચ ડાયાલિસીસ મશીનની સુવિધાનો શુભારંભ

દાહોદ,

દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે તા. ૧૬.૩.'૨૧ ના રોજ ઝાયડસના સી.ઓ.ઓ. ડો.સંજયકુમાર, ડીન ડો.સી.બી. ત્રિપાઠી,એડીશનલ સુપ્રિટેન્ડેન્ટ ડો મોહિત દેસાઈ તથા ડો. પી.ડી.મોદી, જનરલ મેનેજર પ્રકાશ પટેલ, સિનિયર મેનેજર હેતલબેન રાવ, એડમીન વિશાલ પટેલ સહિતના ગણમાન્ય લોકોની ઉપસ્થિતિમાં આશરે ૧.૨૫ કરોડ રૂપિયાના ખર્ચે નેફ્રિક હેલ્થકેર પ્રા. લિમિટેડ તથા દાહોદ ઝાયડસ હોસ્પિટલ વચ્ચે થયેલ એમ.ઓ.યુ.ના ભાગરૂપે કાર્યાન્વિત થયેલ આ પાંચ મશીનોનું લોકાર્પણ યોજાયું હતું. જેનાથી કીડની સહિતની અનેક ગંભીર વ્યાધિઓથી પીડિત દર્દીઓને દાહોદ બેઠાં આ સુવિધા પ્રાપ્ત થશે. ડાયાલિસસ ફેસીલીટી નેફ્રિક હેલ્થકેર પ્રા. લિમિટેડ સાથે આઉટ સોર્સ કરેલ છે.

## દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદે ભાજપના બંન્ને ઉમેદવારો વિજેતા

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદે બંન્ને ઉમેદવારો વિજેતા થયા હતા. ત્યારે જિલ્લાની તમામ ભાજપાના હોદ્દેદારો બીનહરીફ જાહેર કરાયા હતા. ફક્ત સંજેલીમાં ચુંટણી થઈ હતી, પરંતુ તેમાં પણ ભાજપાના જ ઉમેદવારો વિજયી થતાં સમગ્ર જિલ્લામાં કેસરિયા રાજ સ્થાપિત થઈ ચુક્યુ છે. આમ ભાજપીઓનું કોંગ્રેસ મુક્ત દાહોદનું સ્વપન હાલ કમસેકમ સ્થાનિક સ્વરાજ્ય પુરતું સાકાર થયુ હોય તેમ લાગી રહ્યુ છે.

દાહોદ જિલ્લા પંચાયતમાં ભાજપાના પ્રમુખ પદ માટે ઝાલોદ તાલુકાની વગેલા બેઠક સભ્ય શીતલ વાઘેલા અને ઉપ પ્રમુખપદ માટે દુધિયા બેઠકના સદસ્ય સરતન ચૌહાણે ઉમેદવારી નોંધાવી હતી. જેથી બુધવારે ૧૧ વાગે જિલ્લા પંચાયતની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બંન્ને ઉમેદવારોને બીનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા.

બીજી તરફ ભાજપના મોવડી મંડળે આ વખતે અન્ય મહત્વના હોદ્દાની ફાળવણી પણ કરી દીધી છે. જેમાં મહત્વની કારોબારી સમિતિના ચેરમેન પક્ષના નેતા અને દંડકના નામો પણ તેની સાથે જ નક્કી કરી દેવામાં આવ્યા હતા. પરંતુ તેની સત્તાવાર જાહેરાત તેની પદ્ધતિ પ્રમાણે જ કરવામાં આવી હતી. તે રીતે રજુ કરાયેલા ફોર્મ આધારે જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન પદે જિથરા ડામોર, પક્ષના નેતા તરીકે કરણસિંહ ડામોર તેમજ દંડક માટે સુશીલા બારીયાના નામ નક્કી કરાયા મુજબ વિજેતા થયા હતા.

અત્રે નોંધનીય છે કે, મોટા ભાગની તાલુકા પંચાયતોમાં પણ પ્રમુખ–ઉપપ્રમુખ સિવાય અન્ય પદાધિકારીઓના નામ પક્ષ લેવલે જાહેર કરાયા છે. કારણ કે મહત્તમ પંચાયતોમાં પ્રચંડ બહુમતી ભાજપને મળી છે. ત્યારે બાકીના રાજકીય વજન ધરાવતા સભ્યોને ધરપત રહે તેવા હેતુથી સંભવિત અસંતોષ ટાળવા જિલ્લાના ઈતિહાસમાં પ્રથમ વખત આવી રીતે જાહેરાતો કરવામાં આવી હતી. જેના કારણે તેઓ વિજેતા જાહેર થયા હતા.

સત્તાવાર જાહેરાતો પછી ચુંટાયેલા હોદ્દેદારો અને તેમના સમર્થકોએ વાજતે ગાજતે વિજય સરઘસ કાઢયા હતા. એક તરફ કોરોના ફરીથી માથું ઉંચકી રહ્યો છે. તેમ છતાં જીતના જોશમાં તમામ નેતાઓ અને કાર્યકરો કોવિડની તમામ માર્ગદર્શિકાના લીરે લીરા ઉડાડ્યા હતા. હાલમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાના દર્દી વધી રહ્યા છે તેમ છતાં રાજકીય જીતના ઉન્માદમાં કેટલાય લોકો જાણે જીવનને જ હોડમાં મુક્વા માંગતા હોય તેવા તાદૃશ દ્રશ્યો જોવા મળ્યા હતા.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે એક સાથે ૧૨ કોરોના દર્દીઓ સામે આવતાં આરોગ્ય તંત્ર સમેત જિલ્લા વાસીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. આજના ૧૨ કેસો સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૯૦૬ને પાર થઈ ચુક્યો છે.

દાહોદ જિલ્લામાં વધતાં કોરોના પ્રકોપને પગલે જિલ્લામાં આરોગ્ય તંત્ર તેમજ વહીવટી તંત્ર એલર્ટ બન્યું છે અને સાથે સાથે લોકોને માસ્ક, સેનેટરાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવાની અપીલો પણ કરવામાં આવી રહી છે. ગઈકાલથી જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડી જણાવાયું છે કે, માસ્ક વગર ફરતાં અને ટોળામાં એકઠા થતાં લોકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવનાર છે. આવા સમયે જાહેર જનતાએ પણ સરકારના કોવિડ–૧૯ની તમામ ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવે તે અત્યંત આવશ્યક છે. બીજી તરફ દાહોદ જિલ્લામાં કોરોના વેક્શિનેશનની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે પરંતુ તેની સાથે સાથે વધતાં કોરોના સંક્રમણના કેસોના કારણે ફરીવાર આરોગ્ય તંત્રની કામગીરી પણ વધી જવા પામી છે. આજે જિલ્લામાં એક સાથે ૧૨ કોરોના દર્દીઓનો સમાવેશ થયો છે જેમાં દાહોદ અર્બન વિસ્તારમાંથી ૦૫ કેસોનો સમાવેશ થાય છે. દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ અર્બન વિસ્તારમાંથી ૦૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧ અને સીંગવડમાંથી ૦૩ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૩ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. હવે એક્ટીવ કેસોની સંખ્યા ૫૯ ઉપર પહોંચી ગઈ છે. વધતાં કેસોને કારણે એક્ટીવ કેસોની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે ત્યારે કોરોના દર્દીઓને સારવાર માટે જિલ્લામાં કોવિડ સેન્ટરો સહિત હોમ ક્વોરેન્ટાઈન સેન્ટરો પણ ખોલી દેવામાં આવ્યાં છે.

## ૩૧ માર્ચના રોજ બેંકો અને તિજોરી કચેરીઓ મોડે સુધી ચાલુ રાખવા આદેશ

દાહોદ,

ચાલુ નાણાકીય વર્ષ આગામી તા. ૩૧ માર્ચના રોજ પૂર્ણ થતું હોવાનું ધ્યાને રાખી સરકારી નાણાની લેવડદેવડ સમયસર થઈ શકે એ માટે કલેક્ટર વિજય ખરાડીએ ગુજરાત તિજોરી નિયમો–૨૦૦૦ના નિયમ ૩૦૫ હેઠળ એક હુકમ જારી કરી તે દિવસે બેંકો અને તિજોરી કચેરીઓ મોડે સુધી ચાલુ રાખવા આદેશ કર્યો છે. આ હુકમમાં એવું પણ જણાવ્યું છે કે જિલ્લા તિજોરી અધિકારી, પેટા તિજોરી અધિકારી, મામલતદાર સાથે પરામર્શ કર્યા બાદ જ તેમની સૂચના મળ્યા બાદ કામકામ આટોપી કચેરી, બેંક બંધ કરવાની રહેશે.

## દાહોદના સાબલી ગામની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના સાબલી ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને એક યુવકે પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ઝાલોદ તાલુકાના ગુલતોરા ગામે રહેતો અજયભાઈ હુરાભાઈ માવીએ ગત તા.૦૬મી માર્ચના રોજ ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ કસ્બા વિસ્તારમાં મટનની દુકાનમાં ગ્રાહક ખેંચી જવાના મામલે મારામારી

દાહોદ,

દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં મટનની દુકાનમાં ગ્રાહકોને ખેંચી લઈ જવાના મામલે ચાર જેટલા વ્યક્તિઓએ બેને લોખંડની પાઈપ વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધાકધમકીઓ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળી રહ્યું છે.

શહેરના કસ્બા અલમદાર ચોક ખાતે રહેતા જાવેદ મમદુ કુરેશી, મમદુ કુરેશી, જુબેર મમદુ કુરેશી અને અબ્દુલ અજીજ મમદુ કુરેશી દ્વારા ગત તા.૧૩મી માર્ચના રોજ કસ્બા બારીયાવાડ વિસ્તારમાં રહેતા વસીમભાઈ અક્રમભાઈ કુરેશીને ત્યાં આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો અમારા મટમમા ગ્રાહક કેમ લઈ જાઓ છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ અક્રમ નન્નુ કુરેશીને મોઢાના ભાગે મુક્કો મારી તેમજ છાતીના ભાગે લોખંડની પાઈપ મારી પાંસળી ફ્રેક્ચર કરી નાંખી હતી અને ત્યાર બાદ એજાજ અક્રમ કુરેશીને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ સંબંધે વસીમભાઈ અક્રમભાઈ કુરેશીએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વડોદરાના ખાનપુર ગામમાં કોરોના કેસો વધતા સ્વયંભૂ લોકડાઉન કરાયું

વડોદરા,

વડોદરાનાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. ખાનપુર ગામમાં કોરોનાનાં એક જ સપ્તાહમાં ૪૭ કેસથી હાહાકાર મચ્યો છે. ગઈકાલે ગામમાં કોરોનાથી વૃદ્ધનું મોત થયું હતું. જ્યારે ગામનાં પટેલ ફળીયામાં જ ૩૫થી વધુ કેસ સામે આવ્યા છે. જેને પગલે ગ્રામ પંચાયત દ્વારા ખાનપુર ગામને સેવયંભૂ લોકડાઉન કરાયુ છે. આ સાથે પટેલ ફળીયામાં અવરજવર પર પ્રતિબંધ મુકાયો છે. ગામમાં ૩૧ માર્ચ સુધી સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે.

કોરોના સંક્રમણમાં એકાએક ઉછાળો આવ્યો છે. વડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, વડોદરા શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો કુલ આંક ૨૫૫૭૭ પર પહોંચી ગયો છે. ગત રોજ કોરોનાને કારણે વધુ એક મોત નીપજતાં મૃત્યુઆંક ૨૪૩ થયો છે. ગત રોજ વડોદરા શહેર જિલ્લામાં નવા ૫૯ લોકોને કોરોના મુક્ત જાહેર કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં કુલ ૨૪૭૧૬ લોકો કોરોનાને માત આપી ચૂક્યા છે. વડોદરામાં હાલ ૬૧૮ એક્ટિવ કેસ પૈકી ૯૫ દર્દી ઓક્સિજન ઉપર અને ૪૪ દર્દી વેન્ટિલેટર ઉપર છે અને ૪૭૯ દર્દીની હાલત સ્થિર છે. જ્યારે વડોદરાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. ખાનપુર ગામમાં એક જ સપ્તાહમાં ૪૭ કેસ નોંધાતા ગામને સ્વયંભૂ લોકડાઉન કરાયું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 174

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પોલીસ બંદોબસ્ત અને ઉત્તેજના ભર્યા માહોલમાં ગોધરા નગર પાલિકામાં અપક્ષોની સત્તા

# પ્રમુખપદે સંજય સોની અને ઉપપ્રમુખપદે અક્રમભાઈ પટેલે વિજેતા બની સિંહાસન કબ્જે કર્યું



- અચાનક સભાખંડ સુધી લકઝરી બસમાં પહોંચેલા ૨૫ સભ્યો.
- અપક્ષોની એક સંપ રંગ લાવતા : પર્વ પૂર્વે જ ધુળેટી.
- અપક્ષો અને મીમના જોરે પાલિકામાં બે પદાધિકારીઓ સત્તારૂઢ થયા.
- ભાજપના જુના જોગીઓની ગેરહાજરી ખરેખર નડી તેવા લોકોમાં પ્રશ્નો.
- અપક્ષોનું શાસન : મીમે ભાજપનો ખેલ બગાડયો.
- પુરતી સંખ્યા ન હોવા છતાં કરાયેલા લાખ પ્રયત્નો ભાજપા માટે નિષ્ફળ.
- ૭ બેઠકો ઉપર ચોંકાવનારી જીત મેળવીને પણ સત્તામાં ભાગીદાર બન્યા.

ગોધરા,

ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને અત્યંત ઉત્તેજના ભર્યા માહોલમાં ગોધરા નગર પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા યોજાઈ હતી. સરદાર નગર ખંડ પાસે અચાનક અપક્ષો સાથે મીમના મળીને કુલ ૨૫ સભ્યો સાથે લકઝરી બસમાં પહોંચેલા સભ્યો એ બહુમત આધારે પ્રમુખપદે સંજય ચંપકલાલ સોની અને ઉપપ્રમુખપદે અક્રમભાઈ પટેલને ચુંટી કાઢવામાં આવતાં પાલિકામાં અપક્ષોએ કબજો મેળવ્યો છે. પ્રક્રિયા દરમ્યાન ભાજપા એ હોબાળો મચાવતા તમામ સભ્યોને ખંડ બહાર કઢાયા. પુરતી સંખ્યા ન હોવા છતાં કરાયેલા લાખ પ્રયત્નો નિષ્ફળ જતાં સત્તા માટે ભાજપાનું મનમાં ને મનમાં રહી ગયું હતું. પ્રથમવાર લડીને ૭ બેઠકો ઉપર ચોંકાવનારી જીત મેળવીને પણ સત્તામાં પણ ભાગીદાર બનેલા મીમના આ છુપા નિર્ણયને લઈને પ્રજામાં આશ્ચર્ય ફેલાયું હતું.

ગોધરા નગર પાલિકાના પરિણામમાં ભાજપને ૧૮, અપક્ષ ૧૭, ૧ કોંગ્રેસ અને મીમને ૭ બેઠકો મળતા અસ્પષ્ટ બહુમતી લઈને પહેલા દિવસ થી જ પ્રજામાં પ્રમુખ પદે કોણ સત્તારૂઢ થશે તેવી પ્રજામાં ચર્ચાઓ ઉઠી હતી. વરણી પ્રક્રિયાને લઈને છેલ્લા કેટલાક દિવસો થી સ્પષ્ટ ચિત્ર ન થતાં પ્રમુખ અને ઉપપ્રમુખની ધુરા સંભાળનાર ચહેરા બાબતે લોકોમાં અનેક તર્ક–વિર્તકો સર્જાયા હતા. બન્ને પક્ષો વચ્ચે તીવ્ર રસ્સાખેંચ જામીને કોઈપણ ભોગે પદ હાંસલ કરવા યુકિત –પ્રયુકિતઓ અજમાવાઈ રહી હતી. ભાજપ માટે અપક્ષોને ફોડીને સંખ્યાબળ કરવું જરૂરી હતું. તેવી રીતે અપક્ષોને પણ મીમ પાસેથી ટેકો મેળવવો ફરજીયાત બન્યું હતું. આવી ડામાડોળ રાજકીય પરીસ્થિતીમાં સૌપ્રથમવાર મીમે ૭ બેઠકો પ્રાપ્ત કરીને પોતાની કિંમત અને માગ ઉભી કરનાર સભ્યોનો સાથ મેળવવો બન્ને જુથો વચ્ચે કોઈપણ ભોગે આવશ્યક જણાતું હતું. જેથી કાંટાની ટકકર સર્જાઈ હતી. વળી, ભાજપા પણ સિંહાસનના સપનાં જોઈ રહ્યું હતું. અને જીલ્લા પ્રભારી પરાક્રમસિંહ જાડેજા સહિતના આગેવાનો પણ સોગઠા ગોઠવી રહ્યા હતા. અંતે ગોધરા પાલિકાનો નિર્ણય સ્થાનિક નેતાગીરી ઉપર જવાબદારી છોડી દેતા છેલ્લી ઘડી સુધી ભાજપે શામ–દામ–દંડના પ્રયત્નો અજમાવીને અપક્ષોને મનામણા કરવા એડીચોટીના જોર લગાડવામાં આવી રહ્યું હતું. તેવી રીતે અપક્ષો પણ મકકમ મને એકજુથ બની રહ્યા હતા. આવી અસમંજસ જેવી સ્થિતીમાં ખુશી કોના નસીબમાં ફળશે તેના ઉપર સૌની મીટ મંડાઈ હતી. છેવટે બુધવારે સરદાર નગર ખંડ ખાતે વરણી પ્રક્રિયાને લઈને ગોઠવાયેલી ચુસ્ત પોલીસ વ્યવસ્થા વચ્ચે અચાનક ખાનગી લકઝરી બસ આવી પહોંચી હતી. પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણીને લઈને રચાયેલ ઉત્તેજના સભર વાતાવરણમાં પહોંચેલી આ બસ માંથી ૧૮ અપક્ષો સાથે મીમના ૭ સભ્યો મળીને કુલ ૨૫ જેટલા સભ્યો એક પછી એક ઉતરતા ઉપસ્થિત લોકટોળામાંથી દુર થી લોકો કયા કયા ચહેરા તેવા કુતુહલવશે નિહાળીને કિલકારીઓ સાથે માથા ગણી રહ્યા હતા. બંધ ખંડમાં હાથ ધરવામાં આવેલી પ્રક્રિયા ટાણે અપક્ષ અને મીમના સંયુકતપણે ૨૫ સભ્યો દ્વારા બહુમતી હોવાના દાવા રજુ કરી પોતાના પ્રમુખ–ઉપપ્રમુખના નામની જાહેરાત કરવા સાથે ભાજપને પ્રથમ દાવમાં જ રન આઉટ કરી મુશ્કેલીમાં મૂકી દીધું હતું. સામે પક્ષે ભાજપ સંખ્યાબળ માટે લઘુમતીમાં મુકાઈ ગયું હતું.ત્યારબાદ કાર્યવાહી હાથ ધરવામાં આવતાં બહુમતી મુજબ ૧૭ અપક્ષો અને ૧ કોંગ્રેસ તથા મીમના ૭ સભ્યોના સથવારે પ્રમુખપદે સંજયભાઈ ચંપકલાલ સોની અને ઉપપ્રમુખપદે અક્રમભાઈ પટેલની ઘોષણા કરવામાં આવતા ભાજપ લઘુમતીમાં આવી લાચારજનક કફોડી હાલતમાં મુકાઈ ગયું હતું. પરંતુ વરણી પ્રક્રિયા દરમ્યાન હાર પારખી જનાર ભાજપે ખલેલ ઉભી કરનાર ભાજપના સભ્યોને પોલીસે ખંડ બહાર કાઢવામાં આવ્યા હતા. આ રાજકીય હાઈ વોલ્ટેજના સર્જાયેલા આ બિહામણા દ્રશ્યો નિહાળીને પરિણામ જાણવા લોકોમાં તરેહ તરેહના અનુમાનો મુકાયા હતા. આમ, નગર પાલિકામાં ભાજપને જોરદાર ઝટકો આપીને અપક્ષે મીમની ટેકા થી સત્તાનું સુકાન સંભાળી દીધું હતું. જેના કારણે દિવસો થી ચાલતી અનેક ચર્ચાઓ ઉપર પૂર્ણ વિરામ મૂકાઈ મુકાઈ ગયું હતું. સાથે છુપાયેલ નસીબનું રહસ્ય છતું થવા ઉપરાંત લોકોમાં વ્યાપેલી આતુરતાનો અંત આવ્યો હતો.

## ભાજપના અનેક ધમપછાડા છતાં સત્તાનું સ્વપ્નું રોળાયું

અપુરતી સંખ્યા હોવા છતાં ભાજપા સત્તા હાંસલ કરવાના શમણાં સેવી રહ્યું હતું. આ જીત માટે જીલ્લા પ્રભારી પરાક્રમસિંહ જાડેજા દ્વારા જરૂરી રણનીતિ ગોઠવીને વારંવાર મુલાકાતો તથા સમજાવટો આદરાઈ રહી હતી. છેવટે અનેક ધમપછાડા બાદ પણ કોઈ દાળ ન ગળતા અંતિમ રાત્રે નગર પાલિકાની ભગવાકરણની દાવેદારી તેઓ એ મનોમન છોડી દીધી હતી.અને અપક્ષો એ પુનઃ એકવાર નગર પાલિકા પર સત્તા જમાવતા ભાજપ ને સતા હાંસલ કરવાના મનસૂબા પર ઠંડુ પાણી ફરી વળ્યું હતું તેમ કહી શકાય.દરમ્યાન હથિયાર હેઠા મૂકી દઈને બાદમાં પણ સંખ્યાબળના અભાવે બનેલી બુઠ્ઠી તલવારે પ્રમુખપદ અને ઉપપ્રમુખપદની ચુંટણી લડેલા ભાજપા અને તેઓના માર્ગદર્શકો સાવ નિષ્ફળ નિવડયા હોવાની ચર્ચાઓ પ્રજામાં ફરતી થઈ હતી.

## મીમ હુકમનું એકો સાબિત થયો

પાલિકામાં ૧૮ ભાજપ, ૧૭ અપક્ષ, ૧ કોંગ્રેસ સભ્યો જીત્યા છે. જયારે સૌ પ્રથમવાર ચુંટણી જંગમાં ઝંપલાવીને ૭ બેઠક ઉપર મીમનો ઐતિહાસીક જીત મેળવી છે. અને જીત બાદ આ ૭ સભ્યો પાસે સત્તા માટે હુકમનું પાનું હતું. જેથી ભાજપ માટે એક નિરાશારૂપ સંખ્યાબળ હતું. પરંતુ અપક્ષોને આશા હતી કે, છેવટ સુધી સમર્થન મેળવી શકશે. અને તે આધારે આજે ૭ સભ્યો એ એકસંપ કરીને અપક્ષ શાસનને વિજેતા બનાવી દીધો હતો. હવે અપક્ષોના શાસનમાં મીમે ભાજપનો ખેલ બગાડીને સત્તાનો કેન્દ્રરૂપ બનતા ઔવેસીનું રાજ પાલિકામાં સ્થપાયું હોવાનું જોવા મળે છે. અપક્ષ અને ભાજપા વિરૂદ્ધ મંડાયેલો મોર્ચામાં મીમે પોતે સત્તાની ચાવી મેળવતા ગોધરાનું કનેકશન પણ કંટ્રોલ રૂમ હૈદરાબાદ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. અને હૈદરાબાદી સ્ટાઈલે લોકોના વિકાસના કાર્યો હાથ ધરશે અને પ્રજાની આકંશાઓ પૂર્ણ કેટલા અંશે સાકાર કરશે તે જોવાનું રહ્યું. પણ રાજકીય પંડિતો માટે આ સત્તાનું અંકગણિત સમજાય તેમ નથી.

## પોલીસે ટીંગાટોળી કરીને સભ્યોને ખંડ બહાર કઢાયા



વરણી પ્રક્રિયા દરમ્યાન અગાઉ ગોઠવાયેલી રણનીતિ આધારે દાવેદારી રજુ કરવામાં આવી હતી. પરંતુ ભાજપાનું સ્વપ્નું રોળાઈ જતાં ભાજપે હોબાળો મચાવી પ્રક્રિયામાં અડચણ ઊભી કરી હતી અને મુખ્યઅધિકારી માટે અભદ્ર વાણી વિલાસ કરવામાં આવતાં પોલીસે એક સભ્યને ટીંગાટોળી કરીને તમામ સભ્યોને બહાર હાંકી કાઢવામાં આવ્યા હતા. અને સભ્યો દ્વારા જય શ્રી રામ, ઈન્કલાબ ઝીંદાબાદ, તાનાશાહી નહીં ચલેગી નહી ચલેંગી તેવા નારા લગાડાતા એકતરફ માહોલ ગરમાઈ ગયો હતો.

## હાઈકોર્ટના આદેશ બાદ ઠેરઠેર પોલીસ તૈનાત કરવામાં આવી હતી

પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં યોજવા માટે અગાઉ સભ્ય સંજય સોની દ્વારા હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવતાં કોર્ટે જરૂરી નિર્દેશ કરયા હતા. આ કોર્ટના હુકમ મુજબ પોલીસે પાલન કરતાં સભા ખંડની આસપાસ વહેલી સવાર થી જ ઠેરઠેર ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ખંડ તરફના ચારેબાજુના રસ્તા ઉપર પ્રવેશ બંધી ફરમાવી દેવામાં આવી હતી. આ વડોદરા તથા દાહોદ તરફનો હાઈવે માર્ગને એકતરફ બંધ કરવામાં આવતાં વાહનોની લાંબી કતારો જામી હતી.જેના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

## પંચમહાલ જીલ્લાની ૭ તાલુકા પંચાયતના હોદ્દેદારો દ્વારા ભાજપાના વિજેતાઓએ દાવેદારી નોંધાવી



ગોધરા તાલુકાના પ્રમુખ અને ઉપપ્રમુખની નિમણુંક કરવા માટે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય જનતા પક્ષ ના મેન્ડેટ મુજબ તાલુકા પ્રમુખ પદે સુનિતાબેન સુરેશભાઈ બારીઆ,ઉપપ્રમુખ પદે સરદારસિંહ બળવંતસિંહ પટેલ, કારોબારી અધ્યક્ષ પદે સામંતસિંહ સાલમસિંહ, પક્ષના નેતા તરીકે અરવિંદસિંહ કેસરીસિંહ બારીઆ, દંડક તરીકે પટેલ ગૌરાંગકુમાર રાજેન્દ્રભાઈ દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા હતા.



જાંબુઘોડા તાલુકાના પ્રમુખ અને ઉપપ્રમુખ ની નિમણુંક કરવા માટે મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ભારતીય જનતા પક્ષ ના મેન્ડેટ મુજબ તાલુકા પ્રમુખ પદે કવિતાબેન શંકરભાઈ બારીઆ, ઉપપ્રમુખપદે વિક્રમભાઈ નવલસિંહ ભાઈ બારીયા, કારોબારી અધ્યક્ષ પદે જ્યોતીન્દ્રસિંહ પર્વતસિંહ રાણા, પક્ષના નેતા તરીકે લાલસીંગભાઈ ઘેમાભાઈ બારીઆ, દંડક તરીકે શર્માબેન રીતેશભાઈ બારીયા ફોર્મ ભર્યા હતા.



ઘોઘંબા તાલુકા પંચાયતમાં પ્રમુખ રંગેશ્વરીબેન વામનભાઈ રાઠવા, ઉપપ્રમુખમાં છેલુભાઈ ગલુભાઈ રાઠવા, કારોબારી ચેરમેન કલ્યાણભાઈ ભઈજીભાઈ બારીયા, પક્ષના નેતા ધનીબેન જુવાનસિહ બારીયા, દંડક તરીકે ચંદ્રનગરના સજ્જનસિંહ ભુપતસિંહ પરમાર દ્વારા ફોર્મ રજુ કરવામાં આવ્યા હતા. ઉમેદવારી દરમ્યાન અન્ય તાલુકા પંચાયતના ઉમેદવારોમાં આનંદનો ઉત્સાહ જોવા મળ્યો હતો. જ્યારે તાલુકાના અને જીલ્લા પંચાયતના જીતેલા દરેક ઉમેદવાર ને કામગીરી ની વહેચણી બાબતે આજે ચુંટણી યોજાઈને વરણી કરવામાં આવશે.



હાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે મહેન્દ્રસિંહ ચાવડા,ઉપપ્રમુખ તરીકે સંગીતાબેન બારીઆ, કારોબારી અધ્યક્ષ તરીકે રમેશભાઈ પરમાર, પક્ષના નેતા તરીકે કનુભાઈ રાઠોડ, દંડક તરીકે અશોકભાઈ બારીયાની વરણી કરવામાં આવી છે.



કાલોલ તાલુકામાં ભાજપાના તરફ થી પ્રમુખપદે જયદેવસિંહ રણજીતસિંહ ઠાકોર, ઉપપ્રમુખ વિજયસિંહ મોહનસિંહ રાઠોડ, કારોબારી ચેરમેન કિરણસિંહ રામસિંહ પરમાર, પક્ષ નેતા કોકીલાબેન દિનેશભાઈ પટેલ અને દંડક રેખાબેન ગોસાઈ દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા હતા.

મોરવા(હ) તાલુકા પંચાયતમાં પ્રમુખ માટે ધર્મિષ્ઠાબેન દિનેશકુમાર માલીવાડ, ઉપપ્રમુખ માટે રમેશભાઈ હિરાભાઈ જાલૈયા દ્વારા ફોર્મ ભરવામાં આવ્યું છે. આ ભાજપના હોદ્દેદારો દ્વારા ભરાયેલા ફોર્મ મુજબ બહુમતી ધરાવતી પંચાયતમાં તમામ હોદ્દેદારો બિનહરીફ વિજેતા થનાર છે.

## સંતરોડ ચેક પોસ્ટ પાસેથી આઈસર ટેમ્પોમાંથી ૧૨ લાખનો દારૂ ઝડપ્યો



ગોધરા,

ગોધરા–દાહોદ હાઈવે સંતરોડ ચેક પોસ્ટ પર નાકાબંધી કરી એલસીબી પોલીસે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. ચેકીંગ દરમ્યાન આઈસર ટેમ્પોમાં હેલ્મેટના બોકસ નીચે સંતાડી લઈ જવાતો ૧૨,૭૦,૨૦/–રૂપીયા ઈંગ્લીશ દારૂ ટેમ્પો હેલ્મેટ મળી ૨૪,૨૨,૦૦૦/–રૂપીયાના એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલસીબી પોલીસને બાતમી મળી હતી. આઈસર ટેમ્પો નંબર જીજે.૧૩.એડબલ્યુ.૪૩૭૮માં બોડીના ભાગે તાડપત્રી બાંધી ડાલામાં હેલ્મેટના બોકસની આડમાં વિદેશી દારૂ દાહોદ થી ગોધરા તરફ લવાઈ રહ્યા છે. તેવી બાતમીના આધારે સંતરોડ ચેક પોસ્ટ ઉપર નાકાબંધી કરી વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. ચેકીંગ દરમ્યાન આઈસર ટેમ્પોમાં હેલ્મેટના બોકસ નીચે સંતાડીને લઈ જવાતો ઈંગ્લીશ દારૂ કિંમત ૧૨,૭૦,૨૦૦/–રૂપીયા, ટેમ્પોમાંથી હેલ્મેટ કિંમત ૩,૪૨,૦૦૦/–રૂપીયા ટેમ્પો ૮ લાખ રૂપીયા મળી ૨૪,૨૨,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે અશોક બીસનોઈ (રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દારૂના કેસમાં અન્ય સંડોવાયેલ ચાર ઈસમો સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલ જિલ્લામાં કોરોનારૂપી બોમ્બ ફૂટ્યો : એક દિવસમાં ૨૨ કેસ નોંધાયા

- પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના.
- નવા ૨૨ કેસ નોંધાયા,૦૮ દર્દીને રજા અપાઈ.
- જિલ્લામાં કુલ સક્રિય કેસોનો આંક ૮૮ એ પહોંચ્યો.

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં બુધવાર ના રોજ કોરોનાના નવા ૨૨ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૧૬૩ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૮૮ થઈ છે, જેમની સારવાર કુલ ૦૮ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યકિતઓની સંખ્યા ૩૯૩૪ થવા પામી છે. જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસોની સંખ્યા ૪૧૬૩ થવા પામી છે.

ત્યારે પંચમહાલ જિલ્લામાં હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલા કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૧૫ અને હાલોલમાંથી ૦૨ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩૦૯૫ થવા પામી છે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર એવા ગોધરામાંથી ૦૨, ઘોઘંબા માંથી ૦૧,કાલોલમાંથી ૦૧ અને મોરવાહડફ માંથી ૦૧ કેસ મળી આવતા અત્યાર સુધીમાં ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૧૦૬૮ કેસો મળી આવ્યા છે. આજે કોરોના સંક્રમણ વધતા કોરોના કેસોની સંખ્યામાં ધરખમ વધારો નોંધતા માત્ર જિલ્લાના ગોધરા શહેર અને તાલુકામાં ૧૭ કેસ નોંધાતા ગોધરા વાસીઓ અને તાલુકા વાસીઓમાં ફફડાટ ફેલાવા પામ્યો છે.ત્યારે પરિસ્થિતિ હજી પણ વણસી શકવાની પુરેપરી સંભાવના રહેલી હોય માટે સૌ કોઈએ સોશિઅલ ડિસ્ટન્સ નું પાલન,માસ્ક અને સેનેટાઈઝર નો મહત્તમ ઉપયોગ થકી સાવધાની કેળવવી જ પડશે.

## પંચમહાલ જીલ્લા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા આજે ઔપચારિક બની રહેશે

ગોધરા,

ભાજપા દ્વારા પંચમહાલ જિલ્લા પંચાયતના પ્રમુખ,ઉપપ્રમુખ અને વિવિધ હોદા માટે અન્ય હોદેદારો એ આજ રોજ ઉમેદવારી પત્રો ભર્યા હતા.જ્યારે આજે સત્તાવાર વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. પરંતુ માત્ર ઔપચારિક પ્રક્રિયા બની રહેવાની છે. અને તમામ બિનહરીફ હોદ્દેદારો જાહેર થનાર છે.

પંચમહાલ જિલ્લા પંચાયત માટે ચૂંટણી યોજાયા બાદ ભાજપે તમામ ૩૮ બેઠક પર જીત મેળવ્યા બાદ તા.૧૮ માર્ચ ના રોજ યોજાનારી જિલ્લા પંચાયતના



પ્રમુખ,ઉપપ્રમુખ અને અન્ય હોદ્દાઓ માટે હોદેદારો એ આજ રોજ બુધવારે ફોર્મ ભર્યા હતા.જેમાં ભારતીય જનતા પાર્ટી ના પ્રમુખે ભાજપ માંથી ઉમેદવારી કરતા ઉમેદવારો ને મેન્ડેટ આપ્યા હતા.જેમાં પંચમહાલ જિલ્લાના પ્રમુખ પદ માટે કામિનીબેન ગોપાલસિંહ સોલંકી(અંબાલી સીટ) તેમજ ઉપપ્રમુખ પદ માટે રમેશભાઈ કાભાઈ પરમાર(હાલોલ–તલાવડી) તેમજ પક્ષના નેતા, કારોબારી અદયક્ષ, દંડક સહિત હોદ્દાઓ માટે ઉમેદવારી પત્રો ભર્યા હતા.ત્યારે આજ રોજ ગુરૂવારે તા.૧૮ માર્ચે પંચમહાલ જિલ્લા પંચાયત ના પ્રમુખ,ઉપપ્રમુખ તેમજ અન્ય હોદ્દાઓ ની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવતાં સમા ગામ ખાતે આવેલી દુધ મંડળી પર આવતાં સભા સદોને કોરોના થી રક્ષણ આપવા માટે માસ્ક વિતરણ કરવામાં આવ્યું. કાલોલ ની કોટક બેન્ક દ્વારા N-95 ના માસ્ક વિતરણ કરી સરકારની ગાઈડ લાઈન પ્રમાણે માસ્ક પહેરીને સ્વાસ્થ્યની કેર રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.